RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 96* Date: 25.01.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગુજરાતમાં કોલ્ડવેવ:

# મોડી રાતથી ગુજરાતીઓના દાંત કકડાવી દેતી ઠંડી

અમદાવાદ,તા.૨૪

મિટિરિયોલોજિકલ સેન્ટર અમદાવાદ દ્વારા સમગ્ર ગુજરાત તથા દીવ-દમણ, દાદરાનગર હવેલી માટે આજે કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. ત્યારે ગઈકાલે રાતથી ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. જ્યારે આજે વહેલી સવારે હાડ થીજાવતી ઠંડીનો અનુભવ અમદાવાદીઓ સહિત રાજ્યભરના લોકોએ કર્યો હતો.જે અંતર્ગત અમદાવાદ જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી, તમામ પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મામલતદારો તથા જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારીને સાવચેતીના પગલાં લેવા અને અસરકર્તાઓને જરૂરી જાણ કરવા માટે સૂચના આપવામાં આવી છે.

આગામી ૨૪ કલાક દરમિયાન સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્શિયસ સુધી ઘટાડો નોંધાઈ શકે છે. સાથોસાથ ત્યારબાદના ચાર દિવસો દરમિયાન પણ તાપમાન નીચું રહેવા તથા ઠંડા પવનો ફૂંકાવાની આગાહી વ્યક્ત કરાઈ છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શીતલહેરની સંભાવનાઓને પગલે લોકોએ કેટલીક તકેદારી રાખવાની અપીલ કરી છે. સાથોસાથ માર્ગદર્શિકા જાહેર કરી છે.

સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી શહેરમાં સોમવારે સવારથી બપોર સુધી ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. ધુમ્મસને લીધે સામાન્ય રીતે ૩થી ૪ કિલોમીટરની વિઝિબિલટી ઘટીને ૧ કિલોમીટર થઈ ગઈ હતી. સોમવારે શહેરનું લઘુતમ તાપમાન ૧૦.૩ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિશેષજ્ઞની આગાહી મુજબ બુધવારથી બે દિવસ વાદળિયું વાતાવરણ રહેશે. જો કે, ૨૯ જાન્યુઆરીથી કોલ્ડવેવનો વધુ એક રાઉન્ડ આવી શકે છે. આ સમય દરમિયાન ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની આસપાસ રહી શકે છે કે તેનાથી નીચે પણ જઈ શકે છે.

જો કે, ખાસ કરીને વડોદરાથી લઈને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી છાંટાથી લઈને માવઠું થવાની શક્યતા છે. પરંતુ, ૨૯ જાન્યુઆરીથી અમદાવાદ સહિત રાજ્યનમાં ત્રણ દિવસો દરમિયાન હાડ થીજવતી ઠંડી પડવાની શક્યતા હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે. જો કે એ પછી ઠંડીનું જોર ક્રમશઃ ઘટી શકે છે.

અમદાવાદમાં સોમવારે દિવસ દમિયાન વિઝિબિલિટી ડાઉન થઈ જતાં એરપોર્ટ પર ૧૯ ફલાઈટોના ટેકઓફ ખોરવાયા હતા. તમામ ફલાઈટો એકથી ચાર કલાક સુધી મોડી પડી હતી. મોડી પડેલી ફલાઈટમાં સૌથી વધુ ઈન્ડિગોની ૧૨ પૈકી ચાર દિલ્હીની ફલાઈટોનો સમાવેશ થાય છે. બીજીતરફ સોમવારે ઉદેપુર એરપોર્ટ પર ભારે ધુમ્મસથી એટીસીએ સવારે લેન્ડિંગ ક્લિયરન્સ ન આપતા ચાર ફલાઈટ અમદાવાદ ડાઈવર્ટ કરવામાં આવી હતી જેમાં ત્રણ ઈન્ડિગો અને એક વિસ્તારાની ફલાઈટોનો સમાવેશ થાય છે.

આ ચારેય ફલાઈટો અમદાવાદ એરપોર્ટ પર સવારે ૯થી ૧ વાગ્યા સુધી આવી પહોંચી હતી જેમાં ચારેય ફલાઈટોમાં કુલ ૮૦૦ પેસેન્જરો સવાર હતા.ઈન્ડિગોની મુંબઈની એક ફલાઈટ ઉદેપુર માટે સવારે ૯.૩૦ કલાકે ઉડાન ભર્યા બાદ કેપ્ટનને લેન્ડિંગ ક્લિયરન્સ ન મળતા રિટર્ન કરવી પડી હતી. આમ ત્રણેય ફલાઈટ કલાકો સુધી રાહ જોયા બાદ એરલાઈને જેમને બાયરોડ જવું હતુ તેવા ૧૨૦ પેસેન્જરોને અમદાવાદથી બસમાં રવાના કર્યા હતા બાકીના ફલાઈટ જયાંથી ઉપડી હતી ત્યાં મુંબઇ, દિલ્હી અને હૈદરાબાદ પર ફર્યા હતા. જ્યારે મુંબઈની વિસ્તારાની ડાઈવર્ટ થયેલી ફલાઈટ ૨૦૦ પેસેન્જરોને અમદાવાદથી ૨.૪૦ કલાકે ઉદેપુર રવાના થઈ હતી.

આગામી ૨૪ કલાક દરમિયાન સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્શિયસ સુધી ઘટાડો નોંધાઈ શકે છે. સાથોસાથ ત્યારબાદના ચાર દિવસો દરમિયાન પણ તાપમાન નીચું રહેવા તથા ઠંડા પવનો ફૂંકાવાની આગાહી વ્યક્ત કરાઈ છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શીતલહેરની સંભાવનાઓને પગલે લોકોએ કેટલીક તકેદારી રાખવાની અપીલ કરી છે. સાથોસાથ માર્ગદર્શિકા જાહેર કરી છે.

ગુજરાતમાં ફરી એકવાર દાંત કડકડે એટલી ઠંડી જોવા મળી રહી છે.

જોકે હજુ પણ હવામન વિભાગ અનુસાર ભારે ઠંડીનો એક રાઉન્ડ જોવા મળી શકે છે. ગુજરાતના અનેક જીલ્લાઓ ઠંડી ઠુઠંવાય રહ્યા છે ત્યારે રાજયના હવામાન વિભાગએ ઠંડીને લઈને



આગાહી કરી છે.

હવામાન વિભાગ, અમદાવાદ દ્વારા સમગ્ર ગુજરાતમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી હતી.

જેને ધ્યાને લઈ અમદાવાદના જિલ્લા કલેક્ટરે જિલ્લા વિકાસ અધિકારી, તમામ પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મામલતદારો તથા જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારીને સાવચેતીના પગલાં લેવા માટે સૂચના આપવામાં આવ્યા છે. કારણ કે ૨ દિવસ અગાઉ જ સિધ્ધપુર તાલુકામા ઠંડીને કારણે એક ખેડૂતનું મોત નીપજ્યું હતુ. ગુજરાતના કેટલાક જિલ્લાઓ કે જ્યાં ઠંડીનો પારો ૧૦ ડીગ્રી કરતા નીચે જોવા મળ્યો છે. વલસાડમાં તાપમાન ૮.૮ ડિગ્રી, પાટણ ૯.૪ ડિગ્રી, અમરેલીમાં ૯.૫ ડિગ્રી, ડાંગમાં ૯.૬ ડિગ્રી અને રાજકોટમાં ૯.૭ ડિગ્રી તાપમાનનો પારો પોહોંચ્યો હતો.

અમદાવાદમાં સવારનુ તાપમાન ૧૧ ડિગ્રી આજુબાજુ જોવા મળ્યો હતુ.

## ગુજરાત સરકારે વ્યાજના દુષણ સામેની લડાઈમાં ગુજરાત પોલીસે જે રીતે કામગીરી કરી છે જેમાં આશરે ૧૬૫૦ જેટલા લોકદરબાર થકી આશરે ૮૫૦ જેટલા વ્યાજના દુષણોના કેસ દાખલ કરવામાં આવ્યા છે.: હર્ષ સંઘવી

રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ બેઠકમાં આજે ગુજરાતની ચૂંટણીમાં ભવ્ય જીત પછી ફરી જનતાની સેવા કરવા અને રાજય અને કેન્દ્ર સરકારની યોજના છેવાડાના માનવી સુધી પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવશે ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં જે વિવિધ કામગીરી કરવામાં આવી તેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું.ગુજરાત સરકારે વ્યાજના દુષણ સામેની લડાઈમાં ગુજરાત પોલીસે જે રીતે કામગીરી કરી છે જેમાં આશરે ૧૬૫૦ જેટલા લોકદરબાર થકી આશરે ૮૫૦ જેટલા વ્યાજના દુષણના કેસ દાખલ કરવામાં આવ્યા છે. લોકદરબારમાં અરજી કરવાની સાથે ગણતરીના કલાકોમાં કેસ દાખલ કર્યા પહેલા કેસના નિકાલ થયા છે તેવા આશિર્વાદરૂપી કામ કરવામાં આવ્યું છે.વ્યાજના દુષણને દુર કરવા સૌ નાગરિકો સાથ આપે તે માટે વિનંતી કરી અને ગુજરાતમાં જે લોકો કાયદો ફોલો કરશે તે જ લોકો ફાયદામાં રહેશે. ગુજરાત સરકારે ડ્રગ્સ સામેની મુહિમ ચલાવી જેમાં એક વર્ષમાં ૯ હજાર ૬ કરોડ રૂપિયાનો ડ્રગ્સ પકડયો છે તે બદલ ગુજરાત પોલીસના જવાનોને અભિનંદન બેઠકમાં પાઠવ્યા હતા. ડ્રગ્સના નેટવર્કને પકડવામાં ગુજરાત પોલીસે મહત્વની ભૂમિકા નિભાવી છે. કારોબારીમાં વ્યાજખોરોની લડાઇ અને ડ્રગ્સ પકડવાની મુહીમ બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારને અભિનંદન પાઠવ્યા છે.

## ભારત જોડો યાત્રા દરમિયાન લાલચોકમાં ત્રિરંગો ફરકાવવાના મુદ્દે કોંગ્રેસ વિવાદમાં ઘેરાઈ

નવીદિલ્હી,તા.૨૪

૭ સપ્ટેમ્બરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં કન્યાકુમારીથી શરૂ થયેલી કોંગ્રેસની ભારત જોડો યાત્રા હાલમાં જમ્મુ-કાશ્મીરમાં છે. દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાંથી ઉત્તર ભારતમાં કાશ્મીરમાં આગામી ૩૦મી જાન્યુઆરીએ ભારત જોડો યાત્રા પૂર્ણ કરવા જઈ રહી છે. ભારત જોડો યાત્રાને મળેલ પ્રતિસાદને મતમાં બદલવા માટે કોંગ્રેસ હવે હાથથી હાથ મેળવવાનું અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહી છે. જો કે આ દરમિયાન, જમ્મુ અને કાશ્મીરમાં ફરી રાજકીય માહોલ ગરમાયો છે અને મુદ્દો એ છે કે ભારત જોડો યાત્રાના વખતે રાહુલ ગાંધી ૨૬મી જાન્યુઆરીએ ત્રિરંગો ક્યા ફરકાવશે.આ સમગ્ર વિવાદનો મામલો ખુદ કોંગ્રેસના નેતાઓના નિવેદનથી સર્જાયો છે. કોંગ્રેસના નેતાઓના નિવેદનને કારણે ભાજપને પ્રહાર કરવાની તક મળી છે. વાસ્તવમાં જ્યારે યાત્રા શરૂ થઈ ત્યારે માનવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસ શ્રીનગરના ઐતિહાસિક લાલ ચોક પર ત્રિરંગો લહેરાવીને યાત્રાનું સમાપન કરશે. પરંતુ કોંગ્રેસ પાર્ટીના જમ્મુ-કાશ્મીરના પ્રભારી રજની પાટીલે નિવેદન આપ્યું હતું કે, લાલ ચોક પર ત્રિરંગો ફરકાવવો એ તો આરએસએસનો એજન્ડા છે. અમે એ એજન્ડાને કેમ આગળ લઈ જઈએ? અમે ત્રિરંગો લાલ ચોક સ્થિત કોંગ્રેસ પાર્ટીના કાર્યાલય પર લહેરાવીશું.

કદાચ રજની પાટીલ એ ભૂલી ગયા હતા કે, ૧૯૪૮માં કાશ્મીરના ભારતમાં વિલીનીકરણ પછી તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ, શેખ અબ્દુલ્લાની હાજરીમાં લાલચોક ખાતે ત્રિરંગો લહેરાવીને પ્રથમ વખત ઈતિહાસ રચ્યો હતો. પરંતુ રજની પાટીલને મુરલી મનોહર જોશી અને અનુરાગ ઠાકુરની ત્રિરંગા યાત્રા જ યાદ હતી. રજની પાટીલના નિવેદન બાદ ભાજપને કોંગ્રેસ પર ભારત જોડો યાત્રા અને લાલ ચોકના નામ પર રાજનીતિ કરવાનો આરોપ લગાવવાનો મોકો મળ્યો.ભાજપે કરેલ વાકપ્રહાર બાદ, બેકફૂટ પર આવી ગયેલી કોંગ્રેસે, મીડિયા પ્રભારી અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ જયરામ રમેશને મેદાનમાં ઉતાર્યા. સ્પષ્ટતા આપતાં જયરામ રમેશે કહ્યું કે, કોંગ્રેસ લાલચોક ખાતે જ પાર્ટીના મુખ્યાલયમાં ત્રિરંગો ફરકાવશે. કારણ કે, આ ઐતિહાસિક ક્ષણને યાદ કરવા માટે, લાલ ચોકમાં સ્મારક તરીકે કાયમી માળખું બનાવવા માંગે છે.

## મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત એનીમિયા મુક્ત અમદાવાદ

આપણાં ગુજરાત રેડ ક્રોસના સન્માનનીય ચેરમેનશ્રી અજયભાઈ પટેલ સાહેબ દ્વારા જરૂરતમંદ લોકોને મદદ માટેનું લોક હિતાર્થે નવા અભિયાનની શરૂઆત.

આપણે સૌ જાણીએ છીએ કે બહેનોમાં એનીમિયાનું પ્રમાણ ખૂબ વધારે હોય છે.

જેમાં ખાસ કરીને હિમોગલોબિનની ઊણપ હોય છે. આ તપાસ કરાવવા માટે ફક્ત સી.



બી. સી. (CBC)* રિપોર્ટ ખૂબ જ આવશ્યક છે.

ગુજરાત રાજય શાખાના ચેરમેન માનનીય શ્રી અજયભાઈ પટેલ સાહેબના માર્ગદર્શન તથા સંપૂર્ણ આર્થિક સહકારથી અમદાવાદ જીલ્લાની બહેનોને તદન મફત રિપોર્ટ કરાવવાનું અભિયાન ગુજરાત રાજય શાખા અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટીવ બૅંકના સંયુક્ત ઉપક્રમે આજથી શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન થકી કુલ ૧૦ લાખ બહેનોને મફત ટેસ્ટ કરી આપવામાં આવશે.

## G-20: આગામી ૯ મહિનામાં અર્બન-૨૦ સહિત ૧૫ મહત્ત્વની આંતરરાષ્ટ્રીય બેઠક ગુજરાતમાં યોજાશે

**-અમદાવાદ ઉપરાંત સુરત, કેવડિયા અને ધોરડો જેવા સ્થળે આયોજન**

**- પર્યાવરણ, રોકાણ, બેક્કિંગ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ સહિતના મુદ્દે બેઠક મળશે**

અમદાવાદ

જી-૨૦ની ભારતનીય અધ્યક્ષતા હેઠળ અમદાવાદ સહિત ગુજરાતના વિવધ સ્થળે આગામી ૯ મહિનામાં ૧૫ જેટલી વિવિધ આંતરરાષ્ટ્રીય બેઠકો યોજાશે. જેની શરુઆત ગાંધીનગરમાં બી-૨૦ (બિઝનેસ ૨૦) ઈન્સેપ્શન બેઠક સાથે થઈ ગઈ છે જેમાં દેશ વિદેશના ૬૦૦થી વધુ ડેલિગેટ્સ ભાગ લઈ રહ્યા છે.

ગુજરાત સરકારના આર્થિક બાબતો અંગેના મુખ્ય સચિવ મોના ખંધારે આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે અમદાવાદ, સુરત, કેવડિયા અને ધોરડો સહિતના સ્થળે અન્ય ૧૪ બેઠકો આગામી દિવસોમાં રાજ્યમાં યોજાશે. કચ્છના ધોરડોમાં ૭થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન ટુરિઝમ વર્કિંગ ગ્રુપની પ્રથમ બેઠક યોજાશે. એ પછી ૯ અને ૧૦ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદમાં અર્બન-૨૦ ઈન્સેપ્શન બેઠક યોજાશે.

બી-૨૦ અંતર્ગત બીજી બેઠક સુરતમાં ૧૩ અને ૧૪ માર્ચના રોજ થશે. એ પછી એન્વાર્યમેન્ટ એન્ડ ક્લાઈમેટ વર્કિંગ ગ્રુપની બીજી બેઠક તથા એનર્જી વર્કિંગ ગ્રુપની બીજી બેઠક ગાંધીનગરમાં મળશે. આ બેઠકો માર્ચ અને એપ્રિલ દરમિયાન યોજાશે.

અમદાવાદમાં ૨૯ અને ૩૦ મેના રોજ અર્બન-૨૦ સમિટ મળશે.

બાદમાં કેવડિયામાં ૧૯ જૂનથી ૨૧ જૂન દરમિયાન ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપની બીજી બેઠક મળશે.

બાકીની ૬ બેઠક ગાંધીનગરમાં યોજાશે, જેમાં ફાયનાન્સ એન્ડ સેન્ટ્રલ બેક્ક ડેપ્યુટીઝની ત્રીજી બેઠક (૨૧થી ૨૩ જૂન), ફાયનાન્સ મિનિસ્ટર્સ એન્ડ સેન્ટ્રલ બેક્ક ગવર્નર્સની ત્રીજી બેઠક (૨૪ અને ૨૫ જુલાઇ), હેલ્થ વર્કિંગ ગ્રુપ બેઠક (૨-૩ ઓગસ્ટ), મિનિસ્ટેરિયલ હેલ્થ વર્કિંગ ગ્રુપ (૪ ઓગસ્ટ), વુમન એમ્પાવરમેન્ટ અંગેની મિનિસ્ટેરિયલ બેઠક (૯-૧૦ ઓગસ્ટ) તથા ઈન્ટરનેશનલ ફાયનાન્સ આર્કીટેક્ચર વર્કિંગ ગ્રુપની ચોથી બેઠક (૨૯ અને ૩૦ સપ્ટેમ્બર) સામેલ છે.

## નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરતા જીવરાજભાઈ અરજણભાઈ લિખિયા

### ઉદ્યોગપતિથી બન્યા છે વૃક્ષ સેવક

મોરબી ,

ગુજરાતનાં મોરબી જિલ્લામાં વસતા જીવરાજભાઈ અરજણભાઈ લિખિયા ઉર્ફે જીવરાજબાપા ઉદ્યોગપતિ અને બિલ્ડર છે. જીવરાજબાપા વર્તમાન સમયમાં નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમને દર મહીને સરકાર તરફથી જે પેન્શન આવે છે તેઓ એને વૃક્ષો વાવવામાં જ વાપરે છે. જીવરાજબાપાને ૪ પેઢીએ દીકરા છે. તેમણે પોતાનો ધંધો દીકરાઓને હવાલે કરી લીધો છે. જીવરાજબાપા જયારે પોતાના કારખાને કામ પર જતા ત્યારે એમણે નોંધ્યું કે રસ્તામાં ક્યાંય ઝાડ નથી. ખાલી રસ્તા જોઈને તેમને ભગવાને ત્યાં ઝાડ ઉગાડવાની પ્રેરણા આપી અને પછી તેમણે આ કાર્ય શરુ કર્યું. જીવરાજબાપા ૬ વર્ષથી આ જ કાર્ય કરી રહ્યા છે. ખાલી રસ્તાઓમાં ઝાડ વાવવા જ તેમની નિવૃત્તિની પ્રવૃત્તિ બની ગઈ છે.

જીવરાજબાપાએ અત્યાર સુધી ૧૫ હજાર વૃક્ષો વાવી અને તેનું જતન કરેલ છે અને અન્ય ૧૦ થી ૧૨ હજાર ઝાડ લોકોને વાવવા માટે પણ આપ્યા છે. જીવરાજબાપાનાં ત્રાણ સિરામિકનાં કારખાનાઓમાં ૪૦૦ માણસો કામ કરે છે તેઓ પૈસે ટકે સુખી સંપન્ન છે. તેઓ બિલ્ડર છે છતાં તેમણે બિલ્ડીંગનું બાંધકામ કરતા કરતા વૃક્ષોનું બાંધકામ કરવાનું શરુ કર્યું. તે પૈસે ટકે સુખી સંપન્ન પરિવાર હોવા છતાં વૃક્ષો વાવી પર્યાવરણની સેવા કરી રહ્યા છે. તેમના જીવનમાં પત્ની ડાહીબેનનો અને સમગ્ર કુટુંબનો પણ ખુબ સહયોગ રહ્યો છે. તેઓ પોતે પણ સેવા પ્રવૃત્તિ કરતા રહે છે. જીવરાજભાઈ અરજણભાઈ લિખિયા (મો. ૯૪૨૮૫ ૪૧૫૩૧)

## બાગેશ્વર બાબાને જાનથી મારી નાખવાની મળી ધમકી, ધીરેન્દ્ર શાસ્ત્રી પરિવારના બારમાની તૈયારી કરો

છતરપુર,તા.૨૪

બાગેશ્વર ધામના બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના સંબંધી લોકેશ ગર્ગે ધમકીઓ મળવાની મધ્યપ્રદેશના છતરપુરમાં ફરિયાદ નોંધાવી છે. લોકેશ ધીરેન્દ્ર શાસ્ત્રીનો પિતરાઈ ભાઈ છે. જેને તેના પરિવારના સભ્યોના બારમાની તૈયારી કરી લો તેવી ફોન પર ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.જે વ્યક્તિએ ધીરેન્દ્ર શાસ્ત્રીના પરિવારને ધમકી આપી છે, તેનું નામ અમર સિંહ જણાવવામાં આવી રહ્યું છે. બાબાના સહયોગીઓના જણાવ્યા અનુસાર ધીરેન્દ્ર શાસ્ત્રી ટુંક સમયમાં બાગેશ્વર ધામ પહોંચશે. મળતી માહિતી મુજબ, આરોપી વ્યક્તિએ ધીરેન્દ્ર શાસ્ત્રીને તેના પરિવાર સાથે જાનથી મારી નાખવાની ધમકી આપી છે.અગાઉ ગઈકાલે બાગેશ્વર બાબાને પડકારનાર શ્યામ માનવની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. શ્યામ માનવને સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી હતી. અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના શ્યામ માનવે બાગેશ્વર બાબા પર અંધશ્રદ્ધા ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. તેમનો આરોપ છે કે, ધીરેન્દ્ર શાસ્ત્રી પાસે કોઈ સિદ્ધિ નથી. તે એક ઢોંગ રચી રહ્યો છે. શ્યામ માનવે બાબાને પડકાર ફેંક્યો કે તેઓ નાગપુરમાં તેમના મંચ પર આવીને પોતાનો ચમત્કાર બતાવે.

## તંત્રી સ્થાનેથી...

### સંવાદને બદલે વિવાદ

*સુપ્રીમ કોર્ટના કોલેજિયમે જે રીતે જજોની નિયુક્તિ માટે નક્કી કરેલા નામોની ભલામણે દોહરાવતાં તેમની વરિષ્ઠતા જાળવી રાખવા પર ભાર મૂક્યો, તેનો અર્થ એ થયો કે તે સરકારના વાંધા પર ધ્યાન આપવા તૈયાર નથી. હવે બધાની નજર એના પર છે કે સરકારની શી પ્રતિક્રિયા આવે છે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમની પહેલથી એક જ બાબત સ્પષ્ટ થાય છે કે તેણે પોતાના વલણ પર અડગ રહેવાનો નિર્ણય કરી લીધો છે. તેનાથી સરકાર અને તેના વચ્ચેની તકરાર ઓર વધી શકે છે. જરૂરિયાત તકરારની નહીં, પરંતુ સમાધાન શોધવાની છે. આ સમાધાન ત્યારે મળશે, જ્યારે સુપ્રીમ કોર્ટની સાથે જ સરકાર પણ પોતાના વલણ પર વિચાર કરવા માટે તૈયાર થશે. એક લાંબા સમયથી જ્યાં સરકાર કોલેજિયમ વ્યવસ્થાની વિસંગતિઓ રેખાંકિત કરી રહી છે, ત્યાં જ સુપ્રીમ કોર્ટ આ વ્યવસ્થાને ધરાર બંધારણ સંમત હોવાનાં ગાણાં ગઈ રહી છે. તેને એટલા માટે સ્વીકાર ન કરી શકાય, કારણ કે એક તો વિશ્વના કોઈ પ્રતિષ્ઠિત લોકતંત્રમાં ન્યાયાધીશ જ ન્યાયાધીશની નિમણૂંક નથી કરતા અને બીજું બંધારણમાં કોલેજિયમ વ્યવસ્થાનો કોઈ ઉલ્લેખ નથી. બધા એ જાણે છે કે સુપ્રીમ કોર્ટે લગભગ ત્રણ દાયકા પહેલાં પોતાના જ એક ચુકાદાના માધ્યમથી જજોની નિયુક્તિઓ, બદલી અને પદોન્નતિનો અધિકાર પોતાના હાથમાં લઈ લીધો હતો.જો સુપ્રીમ કોર્ટ એમ સમજી રહી હોય કે કોલેજિયમ વ્યવસ્થાને બંધારણ સંમત ગણાવી દેવાથી તેનો સ્વીકાર કરી લેવાશે તો એ સંભવ નથી. એ જ રીતે એનાથી પણ વાત બનવાની નથી કે સરકાર આ વ્યવસ્થાની વિસંગતિઓ સામે આંગળી ચીંધ્યા કરે. તેણે આ વ્યવસ્થામાં બદલાવ માટે સક્રિય થવું પડશે. તેના પ્રત્યે સુપ્રીમ કોર્ટે પણ લચીલું વલણ અપનાવવું જોઈએ. એ ઠીક નથી કે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્રીય કાયદા મંત્રીના એ પત્રનો કોઈ જવાબ ન આપવામાં આવ્યો, જેમાં તેમણે કોલેજિયમ વ્યવસ્થામાં સરકારના પ્રતિનિધિઓની ભાગીદારીની વાત કરી હતી.*

## પ્રેમ, એક ઈલાજ'




પ્રેમ પામીને ઊગવાનું છે,
અન્યનાં દિલમાં પૂગવાનું છે.
-લીલાબેન પટેલ.

પ્રેમ નિઃશબ્દ છે.બાળક જન્મે છે, માતાની નાળથી છૂટું પડે એટલે તરત રડવા લાગે છે.પરંતુ માતાના ખોળામાં મૂકી દેતાં માનાં હાથનો, માનાં શરીરનો પ્રેમ ભરેલો સ્પર્શ પામીને બાળક ચૂપ થઈ જાય છે.એને ક્યાં શબ્દોની જરૂર છે!માતાની પ્રેમભરી નજર રડતાં બાળકને હસતું કરી નાંખે છે.રોજ સવારે સૃષ્ટિ ઉપર અજવાળું પાથરતો સૂર્ય ઊગે છે,એમ કોઈના જીવનમાં ઊગવાનું છે,શીતળ મીઠો વાયરો બનીને સહેલાવવાનું, પંખીઓના કલરવનો ગુંજારવ,આકાશથી વરસાદ રૂપે વરસતું જળ એ જીવો માટેનું સ્નેહજળ છે.જીવસૃષ્ટિને જીવંત રાખતા પ્રકૃતિનાં દરેક તત્વો પ્રેમ છે.

તમે કોઈને કેટલો પ્રેમ કરો છો એનું કોઈ માપ નથી હોતું. કોઈ પુરાવા નથી હોતાં, પ્રેમની કોઈ પરિભાષા નથી. ડૂબતાને જેમ તરણું મળે,એમ અંદરથી ભાંગી પડેલાં માનવીને ખભે મૂકાતો હાથ અને પ્રેમ ભરેલી દૃષ્ટિને કોઈ શબ્દની જરૂર ખરી ?પ્રેમ સાવ નિષ્કામ, અપાર્થિવ,અંતહીન અને અભેદ છે.પ્રેમને કોઈ ભેદી શકે નહીં.સંસારના સર્વ દુઃખોનો કોઈ ઈલાજ હોય તો એ પ્રેમ છે.

સંસારના દુઃખોથી ત્રસ્ત માનવી શું ઝંખે છે? જિંદગીનાં છેલ્લાં શ્વાસ ગણતો માનવી શું ઝંખે છે?ઘરમાં રડતું બાળક શું ઝંખે છે?વ્યથા,વ્યગ્રતા,વ્યાકુળતા શું ઝંખે છે?દોડધામથી વ્યસ્ત જિંદગી શું ઝંખે છે???ઘોડિયામાં સૂતેલું બાળક હોય કે રોગગ્રસ્ત પથારીએ પડેલું કોઈ તન કે ઘડપણ શું ઝંખે છે?ઘરમાં પાળેલાં પ્રાણી કે પંખી શું ઝંખે છે?તમે ખુદ વાચક શું ઝંખો છો?તો ભીતરથી એક જ અવાજ ઉઠશે કે પ્રેમ,પ્રેમ અને પ્રેમ..નિઃસ્વાર્થ પ્રેમ,નિઃશબ્દ પ્રેમ.

પ્રેમ..'હું તને પ્રેમ કરું છું', એવા શબ્દોનો મોહતાજ નથી.એ કોઈ મુદ્દલ કે વ્યાજ નથી.એ આજ નથી કે કાલ નથી.પ્રેમ અનંત ,અંતહીન છે.જ્યાં સુધી આકાશ છે,પૃથ્વી છે,આ બ્રહ્માંડ છે.એની સાથે પ્રેમ ફરતો રહેશે.કોઈ નિર્દોષ આંખોથી છલકતો રહેશે.હૃદયને સ્પર્શતો રહેશે.બોખા મોંથી હસતો રહેશે.કાળી ઘોર અંધારી રાતે આગિયો બનીને ફરતો રહેશે.

આ સૃષ્ટિમાં સજીવ સૃષ્ટિનું નિર્માણ કરીને ભીતર પ્રેમ ભરીને ઈશ્વરે હાથ ધોઈ નાખ્યાં કારણ કે આ પ્રેમ જ સૃષ્ટિનું ચાલકબળ છે.આ મારે પણ છે અને તારે પણ છે.સળગતા દીપકની ફરતે ફરતું પતંગું, પ્રેમવશ બળી મરે છે.આદિપુરુષ કૃષ્ણે જગતને પ્રેમનો સંદેશ જ આપ્યો છે.સાંસારિક હર સમસ્યાઓ પ્રેમથી નિર્મૂળ કરી શકાય છે.સામાજિક અવ્યવસ્થામાં શું હોય છે, ધ્યાનથી જોજો ને!મોટે ભાગે પ્રેમની બાદબાકી જ હશે.

પ્રેમ એક એવું સમાધાન છે,ઔષધ છે કે જ્યાં પ્રેમની હાજરી હોય ત્યાંથી બધીસમસ્યાઓ ,ધારણાઓ,વિટંબણાઓ ભાગી જ જવાની કારણ કે પ્રેમ ભૂતકાળની આંગળી પકડીને આવે છે,વર્તમાનને ઉજ્જ્વળ બનાવીને ભવિષ્ય તરફ દોરી જાય છે.જેવી રીતે એક દિવાસળીની સળી પેટાવતાં જ અંધકાર પળમાં ભાગી જાય છે એનું સ્થાન પ્રકાશ લઈ લે છે એવી જ રીતે જીવનના હર અંધકારમાં પ્રકાશ ફેલાવવાની તાકાત ધરાવે છે પ્રેમ.

માનવી એટલે કાળના પ્રવાહ પર તરતું એક તણખલું માત્ર છે.હાલકડોલક થતી જીવન નૈયાનું પ્રેમ એ હલેસું છે,જે ભલે ગમે એટલું તોફાન આવે પરંતુ જીવન નૈયાને ડૂબવા દેશે નહીં.ક્યાંક જોડાવું છે,તો પ્રેમ પૂર્વક.ક્યાંકથી જુદા થવું છે તો પ્રેમ પૂર્વક.આપવું છે તો પ્રેમથી આપો.માગવું છે તો પ્રેમથી માગો.અનુસરો કોઈને તો પ્રેમથી.ના અનુસરો તો પણ પ્રેમથી.કહો,સહો, વહો..

અંતે એટલું જ કહીશ,
'શોધવી ખામી હશે તો,સો જનમ ઓછા 'ઝલક',
જ્યાં મળો,જેને મળો,તેને મળો બસ પ્રેમથી.'
લીલાબેન પટેલ 'ઝલક' (નવસારી)

# મલ્ટિપેક્સમાં બહારનો નાસ્તો ન લઇ જવાના ચુકાદાથી ડૌશી મરી તો મરી પણ જમ પેધો પડી જશે!!!

થિયેટરમાં સિનેમા જોવાની પ્રવૃતિ ભારતની સર્વાધિક લોક પ્રિય પ્રવૃતિ રહી છે. લોકો રજાના દિવસે સપરિવાર સિનેમા જોવાનો મનોરંજક પ્રવૃતિ છે. એ સમયે સિનેમાગૃહમાં પાણી- નાસ્તો લઇ જવાની મનાઇ ન હતી. અમદાવાદના અનેક સિવેમાગૃહની બહાર મોટી સાઇઝના પાપડ મામૂલી કિંમતે મળતા હતા. લાકડાની પાટલી પર લોઅર સ્ટોલમાં બેસનાર ભચડ ભચડ અવાજ કરી પાપડની લિજ્જત - લુફત ઉઠાવતા હતા. એ સમયે ધણી જગ્યાએ હાલમાં શિક્ષકોની ખાલી જગ્યાથી બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે શોષણની સંવર્ધિત આવૃતિ સમાન પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા જેવી ટુરિંગ ટોકીઝો પણ સિનેમા દેખાડતી હતી. સિન્માગૃહો વેપારના શ્રી સવા મંત્ર મુજબ વધારાના લાભના લોભથી ગ્રસિત ન હતા. ઓછા નફે સમાજસેવા( સસ્તા ભાવે પારિવાકિક મનોરંજન આપવું એ પણ સમાજસેવા છે!!)

માહિતી ખાતુ પણ સરકારની યોજનાના પ્રચાર પ્રસાર માટે ગામડે જઇ સિનેમા નિશુલ્ક દેખાડતા હતા. પોલીસ બેડામાં પોલીસ જવાનોના પરિવારને મફતના ભાવે સિનેમા દેખાડતા હતા. અમે અમરેલી પોલીસ લાઇનમાં વગર આમંત્રણે ( પોલીસને વ્યવહારમાં રહેવું ન હોય પણ અમે ઉદારભાવે ભવિષ્યમાં ગૃહ વિભાગમાં અધિકારી થવાના હોઇ જે તે સમયે સગીરીવસ્થામાં ગુસ્તાખી માફ કરેલ!!) સિનેમાની મજા માણી હતી. થેંક્સ અમરેલી પોલીસ લાઇન!!

સિંગલ સિનેમા પંચોલી જેવા માણસ માટે વરદાનરૂપ હતા. સિંગલ સિનેમામાં પાંચ રૂપિયામાં મુવી જોઇ શકાતું હતું. પઅમારે ત્યાંની કેન્ટિનમાં પંચોલી કરીને વેઇટર હતો. તેની મા ભરૂચના વતનના ગામ હતી. પંચોલીને લગ્નનો વેંત થયેલો નહીં. રાતે કેન્ટિનમાં સૂઇ રહે. એ દરરોજ શાલીમાર ટોકિઝના છેલ્લા થોમાં લોઅરની પાંચ રૂપિયાની બાકાયદા ટિકિટ લઇ ઉંધી જાય. અમારે પિકચર જોવું હોય તો બિકાઉ વિવેચકના રિમાર્કસ પર ભરોસો ન કરીએ પણ પંચોલીને પૂછીએ. પંચોલી પિકચર કેવું છે? પંચોલી તેની ઇસ્ટાઇલમાં કહે ૦હાઇ કલાસ છે, અથવા ભંગાગાર છેઅ "એમ કહી દે!!

જયારથી સિંગલ સિનેમા તરીકે ઓળખાતા સિનેમાગૃહો માલિકોના લોભે બંધ થયા અને મલ્ટિપ્લેકસ તરીકે ઓળખાતા સિનેમાગૃહો શરૂ થયા ત્યારથી ગરીબવર્ગ અને નિમ્ન-મધ્યમ વર્ગના કુટુંબોની વાટ લાગી ગઇ!! પાંચ દસ રૂરિયાની ટિકિટોના સ્થાને ટિકિટોના દર દોઢસો અઢીસો થઇ. એમાં પણ સલમાનખાન,આમિરખાન શાહરૂખખાન, અક્ષયકુમારની દિવાળી કે ઇદના તહેવારે રિલિઝ થાય કે ટિકિટના દર ત્રણસો કે ચારસો કરી દે. આપક્ષું લોહી મચ્છર ચુસે છે.,અલબત, થોડીક માત્રામાં મલ્ટિપ્લેકસના માલિકો ચાંચડ-માંકડ જેવા નીકળ્યા!!? મલ્ટિપ્લેકસની મોંધી ટિકિટો, સિનેમાની અંદર પીવાનુ પાણી કે નાસ્તો લઇ જવા પર પ્રતિબંઘ રાખે. હિન્દી ફિલ્મો હોલિવુડ કે સાઉથની કંડમ ઝેરોકસ હોય. ફિલ્મ ચલાવવા સામેથી વિવાદ ઉભો કરે. ફિલ્મમાં ભઠિયો ન હોય એટલે બોકસ ઓફિસ પર પિટાઇ જાય.

પ્રોડયુસર,ફાઇનાન્સિયર, ડિસ્ટ્રિબ્યુટર, થિયેટરની વાટ લાગી જાય!! મલ્ટિપ્લેકસ થિયેટર માલિકો પ્રેક્ષકોને પીવાના પાણીની બોટલ થિયેટરમાં લઇ જવા ન દે.થિયેટરની હાટડી પરથી બમણી ત્રમણી કિંમતે વોટર બોટલ ખરીદ કરવાની ફરજ પાડે!! એક ટમલર જેવા કન્ટેઇનર પોરકોર્ન ભરેલ હોય તેની કિંમત અઢીસો રૂપિયા હોય. દસ રૂપિયાના સમોસાના સો રૂપિયા વસૂલે. સરવાળે મલ્ટિપ્લેકસ સિનેમાગૃહમાં ચાર માણસોના કુટુંબને મુવી જોવાનો ખર્ચ ચાર-પાંચ હજાર થઇ જાય. તે દાઝયા પર ડામ દેવા જેવું કે પડયા પર પાટા સમાન !! મલ્ટિપ્લેકસ સિનેમાએ મધ્યમ વર્ગને સિનેમાના મનોરંજનથી ફારેગ કરી નાંખ્યો! આટલા રૂપિયામાં એક મહિનો દૂધ લાવી શકાય.છેલ્લા વરસોમાં મલ્ટિપ્લેકસ માલિકોની ટિકિટ ભાડા અને ફૂડના ભાવોમાં બેફામ લૂંટને કારણે લોકો થિયેટરોથી વિમુખ થઇ ગયેલા. ટીવી, ચેનલો અને ઓટીટી પર ઘરના ડ્રોઇંગ રૂમમાં નજીવી કિંમતે ફિલ્મ જોવા મળે તો થિયેટર સુધી લાંબા થાય?

મલ્ટિપ્લેકસ સિનેમાઘરના માલિકોના લોભ, મોનોપોલી, ઇજારાશાહી , તાનાશાહી અને સરમુખત્યારશાહી સામે જન્મુ અને કાશ્મીરના રસિયાઓએ હાઇકોર્ટમાં અપીલ ફાઇલ કરેલ. અરજદારોએ દલીલ કરેલ કે સિનેમા હોલની અંદર પૌષ્ટિક ખોરાક પીરસવામાં આવતો નથી અને જમ્મુ અને કાશ્મીર (રેગ્યુલેશન) નિયમો, ૧૯૭૫ બહારનું ભોજન લાવવા પર પ્રતિબંધ નથી. તેમણે વધુમાં દલીલ કરી હતી કે પ્રતિબંધને કારણે, મૂવી જોનારાઓને થિયેટરની અંદર વધુ કિંમતે ખોરાક ખરીદવાની ફરજ પડે છે.

જેમાં હાઇકોર્ટે ૧૮ જુલાઈ, ૨૦૧૮ ના રોજ ચુકાદા આપી મૂવી જોનારાઓને સિનેમા હોલમાં બહારનું ભોજન લાવવાની મંજૂરી આપી હતી.જેની સામે જમ્મુ અને કાશ્મીરના મલ્ટિપ્લેક્સ માલિકો દ્વારા સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલી . આ અપીલનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે સિનેમા હોલ તેના માલિકની ખાનગી મિલકત છે. માલિકને આવા નિયમો અને શરતોને ઠીક કરવાનો અધિકાર છે જ્યાં સુધી તે જાહેર હિત, સલામતી અને કલ્યાણની વિરુદ્ધ ન હોય.સિનેમા હોલ એ જીમ કે પૌષ્ટિક ખોરાક માટેનું સ્થળ નથી પરંતુ મનોરંજનનું સ્થળ છે. જો કોઈ હોલની અંદર જલેબી અથવા તંદૂરી ચિકન લાવે છે તો માલિકને તે નક્કી કરવાનો અધિકાર છે કે તેનો હોલ ગંદો ન હોવો જોઈએ કારણ કે લોકો જમ્યા પછી સીટ પર હાથ લૂછી શકે છે. આવી સ્થિતિમાં ક્ષતિગ્રસ્ત સીટનો ખર્ચ કોણ આપશે? સુપ્રીમ કોર્ટ સિનેમા હોલમાં બહારથી ખાવાનું લઈ જવા મુદ્દે લગાવવામાં આવતી રોકને યોગ્ય ઠેરવી છે.

અલબત, સિનેમા માલિક સફાઇ ઉપકર ઉઘરાવી ક્ષતિ પૂર્તિ કરી શકે. તેના માટે મોંઘા ભાવના અને ગુણવત્તામાં ઘટિયા ખાદ્ય પદાર્થો વેચવાની મંજૂરી આપવી તે ચોરી પર શિનાજોરીનો પીળો પરવાનો છે.બધા લોકો મલ્ટિપ્લેકસનો સજ્જડ બહિષ્કાર કરે તો અકડું માલિકોની સાન ઠેકાણે આવી જશે!! વોટ ડુ યુ સે ઠાકુર ??

સુપ્રિમ કોર્ટ માઇબાપ છે. જે તમામ કેસમાં તમામ પક્ષકારોની પક્ષ સાંભળી કાયદા-બંધારણ ધ્યાને લઇને ચુકાદો આપે છે. પણ આ વખતે કાચું કાપી મલ્ટિપેકસ સિનેમાઘરના માલિકોને ઉઘાડી લૂંટ કરવાનો પરવાનો આપી દીધો છે!! હવે બિચારા લોકો સિનેમા જોવાના પારિવારિક સુખથી આર્થિક તંગીના લીધે વંચિત રહી જશે.?એ લોકો ઓટીટી નેટવર્ક કે કેબલ કે ચેનલ કનેકશન લઇ કોન્પ્યુટર કે મોબાઇલમાં સિનેમા જોઇ થકશે નહી!!! માઇ બાપ ડોશી મરી તેનો અફસોસ નથી પણ જમડા આરબ અને ઉંટની જેમ પેટમાં ઘુસી ટાંટિયા પહોળા કરશે તેની બીક છે. !! જરા રહેમ કરો !!

ભરત વૈષ્ણવ..૨૪.૧.૨૦૨૩.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૮૫ અને ચાંદીમાં રૂ.૫૮૭નો ઉછાળોઃ ક્રૂડ તેલ નરમ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**

**મેન્થા તેલમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૮૭૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૨૨૯ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૯ કરોડનાં કામકાજ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૦,૨૪૩ સોદાઓમાં કુલ રૂ.૧૭,૧૬૩.૮૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૮૭૬.૦૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૨૨૮.૬૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૨,૭૫૭ સોદાઓમાં કુલ રૂ.૬,૪૪૪.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૯૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૧૨૫ અને નીચામાં રૂ.૫૬,૯૭૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮૫ વધી રૂ.૫૭,૦૦૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૯૩ વધી રૂ.૪૬,૦૪૨ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૫,૫૬૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૮૧૫ના ભાવે ખૂલી, રૂ.૧૭૬ વધી રૂ.૫૬,૮૮૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૨૧૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૬૩૫ અને નીચામાં રૂ.૬૮,૨૧૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૮૭ વધી રૂ.૬૮,૫૫૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૨૧ વધી રૂ.૬૮,૬૧૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૦૪ વધી રૂ.૬૮,૫૮૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૬૫૦ સોદાઓમાં રૂ.૧,૮૧૬.૧૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ વધી રૂ.૨૨૪.૧૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૯૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬.૪૫ વધી રૂ.૭૯૩.૩૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૦,૯૭૪ સોદાઓમાં કુલ રૂ.૧,૫૯૭.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૯૫ અને નીચામાં રૂ.૬,૬૦૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૦ ઘટી રૂ.૬,૬૭૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૫૦ વધી રૂ.૨૮૯.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩૯૭ સોદાઓમાં રૂ.૧૮.૨૮ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૪૦ વધી રૂ.૯૯૮.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૬૯૦.૧૪ કરોડનાં ૬,૪૫૬.૫૨૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૭૫૩.૯૧ કરોડનાં ૪૦૧.૬૧૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૫૭૫.૪૪ કરોડનાં ૮,૬૩,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૨૨ કરોડનાં ૩૭૧૪૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૮.૨૮ કરોડનાં ૧૮૦.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૫,૦૪૯.૬૩૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૦.૫૯૫ ટન, ક્રૂડ તેલમાં ૫૭૨૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૦૮૬૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૮૩.૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૯.૨૪ કરોડનાં ૭૫૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૬૭૨ના સ્તરે ખૂલી, ૭૦ પોઈન્ટ વધી ૧૫,૭૪૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૨૨૮.૬૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૬૮.૬૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭૮.૫૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૫૩૩.૫૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૪૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૧૨.૯૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૬.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૮ અને નીચામાં રૂ.૨૨૧.૧૦ રહી, અંતે રૂ.૨૨ ઘટી રૂ.૨૫૧.૯૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૯ અને નીચામાં રૂ.૪૪.૫૦ રહી, અંતે રૂ.૧૯.૫૦ વધી રૂ.૬૦ થયો હતો.

નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૪૦ અને નીચામાં રૂ.૧૧ રહી, અંતે રૂ.૩.૮૦ વધી રૂ.૧૪ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૬ અને નીચામાં રૂ.૧૫.૫૦ રહી, અંતે રૂ.૧૦.૫૦ વધી રૂ.૪૨ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૩૨ અને નીચામાં રૂ.૧,૦૧૧.૫૦ રહી, અંતે રૂ.૧૩૪ વધી રૂ.૧,૨૧૫ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૬ ખૂલી, ઊપરમાં રૂ.૨૫૯.૬૦ અને નીચામાં રૂ.૨૨૧.૯૦ રહી, અંતે રૂ.૭.૭૦ વધી રૂ.૨૩૧.૫૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨.૫૦ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૪ ઘટી રૂ.૧ થયો હતો.

નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૮.૪૦ અને નીચામાં રૂ.૧૩.૫૦ રહી, અંતે રૂ.૬.૮૦ ઘટી રૂ.૧૪.૩૦ થયો હતો.

સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯ ખૂલી, ઊપરમાં રૂ.૯ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૭.૫૦ ઘટી રૂ.૧ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૯ અને નીચામાં રૂ.૫૨૦ રહી, અંતે રૂ.૧૨૩.૫૦ ઘટી રૂ.૫૫૨.૫૦ થયો હતો.

## દીદી આવાસ યોજના અને શૌચાલયના પૈસા ખાઇ ગઇ,તપાસ પર બોલે છે કે સરકાર મારી દુશ્મન છે : નડ્ડા

કોલકતા,તા.૨૪

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પર જોરદાર પ્રહારો કર્યા છે.તેમણે બેનર્જી પર ભ્રષ્ટ્રાચારનો પણ આરોપ લગાવ્યો.નદિયાની એક જાહેરસભામાં ભાજપ અધ્યક્ષે કહ્યું કે અહીં આવાસ યોજના અને શૌચાલયના પૈસા ખાઇ ગયા.મનરેગામાં પણ અહીં ભ્રષ્ટ્રાચાર થયો છે.દીદીએ બંગાળની શું હાલત કરી રાખી છે.જયારે તપાસ થઇ તો બોલો છે કે ભારત સરકાર મારી દુશ્મન છે.અને ચોરી પણ કરવી છે અને સીનાજોરી પણ.એ યાદ રહે કે મેધાલય,નાગાલેન્ડ અને ત્રિપુરામાં યોજાનાર વિધાનસભા ચુંટણીની તારીખોની જાહેરાત થતા જ એકવાર ફરકી નેતાઓ વચ્ચે વાર પલટવારનો દૌર શરૂ થઇ ગયો છે.આ પહેલા મમતા બેનર્જીએ મેધાલયના ઉત્તારી ગારો હિલ્સ જીલ્લાના મેંદીપથારમાં એક મોટી ચુંટણી રેલીને સંબોધિત કરવા દરમિયાન ભાજપ પર પ્રહારો કર્યા હતાં આદિવાસી કલાકારોની વચ્ચે પહોંચેલ મુખ્યમંત્રી બેનર્જીએ ખુદને તેમના મોટા હિતૈષી બતાવ્યા.

રેલી દરમિયાન મમતા બેનર્જીએ કહ્યું હતું કે ભાજપ બે ચહેરાવાળી પાર્ટી છે.

બંધારણ
ચોમેર અંધાધૂંધીને દેશવટો આપ્યો,
મજબુત વ્યવસ્થાને વીંટો આપ્યો.
કેટકેટલા અસમાન કાનૂન રુલ હતા,
બધાને બદલે બંધારણ બીડો આપ્યો.
સૌને અધિકારોની સમાનતા મળ્યા,
સૌને કાયદા સમક્ષ સમાનતા મળી,
દેશી રજવાડાના જંગલ રાજ દૂર થયા , પ્રજાસત્તાક મંગલકારી રાજ થરૂં થયા!
તિરંગો આપણી શાન બાન આન છે,
અખંડિતતા- એકતાની પહેચાન છે
ભરત વૈષ્ણવ
૨૪.૧.૨૦૨૨.# કાવ્ય

### હાર્દિક શ્રધ્ધાંજલિ



**સ્વ.શ્રી નટુભાઈ અંબાલાલ પટેલ**
(જન્મ ૨૬/૧૨/૧૯૪૧ અક્ષરધામ ૧૨/૦૧/૨૦૨૩)
મુળ ઉત્તરસંડાના વતની. લોસ એન્જલસ કર્મભુમિ.રીટાયર્ડ એન્જીનીયર. ISSO મંદિર પાયોનિયર લોસ એન્જલસ ના સ્થાપક અને પ્રણેતા. કન્વેન્સન સેંટરમાં સમૂહ ગરબાના પ્રયોજક. અનેક સંસ્થાના શુભેચ્છક. ગુજરાત દર્પણ ના ચાહક. ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલના શુભેચ્છક અને ગુજરાતી સમાજના મોભી એવા શ્રી નટુભાઈ પટેલ ને સમગ્ર ગુજરાતી સમાજ તરફથી ભાવ-ભીની શ્રધ્ધાંજલિ....
ભગવાન શ્રી સ્વામિનરાયણ તેમના ચરણોમાં સ્થાન અર્પે તેવી પ્રાર્થના.......

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO-* 0088**

★વિષય-★ ઘર પરીવાર, લગ્નજીવન

★પ્રકાર-★ ગદ્ય

★શીર્ષક-★ જ્યાં વસ્તાર રડાવે

કલ્યાણપુરા ગામે પ્રાથિમક શાળાના શિક્ષક રમણલાલ પત્ની લીલાગૌરી, બે દીકરા સૌરભ અને આરંભ સાથે રહેતાં. ટૂંકા પગારની નોકરી છતાં ત્રેવડથી ઘરને સુંદર સજાવ્યું હતું.

સૌરભે ભણીને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની સરકારી નોકરી સ્વીકારી. જ્યારે આરંભને બારમું નપાસ થતાં ગામમાં નાની કરિયાણાની દુકાન કરી આપી.

વસંત પંચમીએ બંને દીકરાના ધામધૂમથી લગ્ન કર્યા. વસંતઋતુમાં કામદેવનાં કામણે અતિક્રમા રતિએ નવયુગલો પર પોતાનો પ્રભાવ મન મૂકીને રેલાવ્યો. બંને બેડરૂમ નવદંપતીના માદક અવાજો સાથે નવવધૂઓની પાયલો ને બંગડીઓના રણકારથી હર્યાભર્યા બનતા.

રમણલાલને લીલાગૌરીનો હવે તો બેઠકખંડ એજ શયનખંડ બનેલો. પણ પોતાના વસ્તારને આમ પાંગરતો જોઈ પોતાની જવાનીના દિવસો યાદ કરી લેતાં.

લીલાગૌરીને ભૂતકાળની ઝલક આંખમાં તરવરી ઊઠી. પોતે એક ઓરડીમાં ઘરસંસાર માંડેલો. ઘરડાં સાસુ-સસરા બારે મહિના બહાર પડસાળમાં પડ્યાં રહેતાં. વહેલી સવારે કૂવેથી પાણી ભરવું, શૌચક્રિયા માટે દૂર વગડે જવું, નાનકડી મોરીમાં નાહવું, ચૂલા પર રાંધવું, દળવું છતાં ઘરનાં બધાંજ કામકાજ સમયસર કરતી.

અનહદ્ આનંદ સાથે રૂમ-રસોડાનું ઘર હપ્તેથી ખરીદેલું. રસોડામાં પોતે દંપતિ અને બહારના રૂમમાં દાદા-દાદી સાથે બાળકો સૂતાં. ક્યારેક વાસણ ખખડ્યાં પણ હશે છતાંય ગામ આખુંય અમારાં શ્રેષ્ઠ દાંપત્યજીવનનું ઉદાહરણ આપતું.

નોકરીમાંથી નિવૃત્ત થતાં જ આ બે બેડરૂમ, હોલ, કિચનનું ઘર ખરીદ્યું હતું. હા મારી વહુવારુંને લગીરેય તકલીફ ના પડવી જોઈએ... વિચારતાં હસી પડ્યાં.

સમય સરવા માંડ્યો ચારેક વર્ષમાં તો સૌરભ દીકરા દીકરીનો બાપ બન્યો. દરમિયાન જેઠાણી-દેરાણીના ઝઘડા, અદેખાઈ ને ચડશા-ચડશી ઉગ્ર બની. સૌરભની એકધારી આવકથી વહું વારે-તહેવારે આગવી બેફામ ખરીદી કરતી જે નાનીને જીરવાય નહીં. હું આખા ઘરનાં વૈતરાં શું કામ કરું? મોટી શું કામ નોકરી કરે? હું એનાં છોકરાં સાચવું? આખરે નાનીવહું પિયર રિસામણે ચાલી ગઈ.

પત્ની વિરહમાં આરંભ સાવ ઓશિયાળો રહેવા લાગ્યો. કાંઈ બોલે નહીં.. કોઈ પરાણે બોલાવે તો ગુસ્સે થઈ જાય. વહુને મનાવવાનાં બધાજ પ્રયત્નો નિષ્ફળ જતાં આરંભ દારૂની અને જુગારની લતે ચડ્યો. પૈસાની સતત ખેંચને લીધે માનસિક તણાવમાં રહેતો.

રમણલાલ એક દિવસ અકળાયા ને હૈયા વરાળ કાઢતાં," પોતાને ત્યાં આવો પથરો કયાં પાપે પાક્યો?" બોલી ઠપકો આપ્યો. ખૂબ માઠું લાગી આવતાં આરંભ કોઈ અલગ જ ધૂનમાં ઘરથી દૂર ચાલી નીકળ્યો. ક્યાં? ને કેમ?.. જઈ રહ્યો છે એવી અભાન અવસ્થામાં નહેર જોતાં જ વિચાર શૂન્ય વળાંકે છલાંગના "ધબાક" અવાજે પાણી એવાં ઉછળ્યાં કે આંસુ બની હજુંય માબાપની આંખે ચોધાર વહે છે.

ડૉ. મનીષા વ્યાસ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 001**

પ્રકારઃ ગદ્ય

વિષય : ઘર,પરિવાર અને લગ્નજીવન

શિર્ષક : આદર્શ ઘર,પરિવાર અને લગ્ન જીવન

★ઘર, પરિવાર અને લગ્નજીવન★

લગ્નજીવન થી જ બનતો પરિવાર અને ઘર એની અનુભૂતિ કે વાસ્તવિકતા રજૂ કરવાનો કરવાનો અનેરો અવસર આજે મને મળ્યો છે.

હા ! મને યાદ છે કે જ્યારે હું ચાર દીવાલોની બનેલી એક નાની એવી ઓરડીમાં એકલો રહેતો હતો. ઘર હોવા છતાં પણ એ ઘર નહોતું ! ચાર દિવાલ અને છતનું બનેલું એક મકાન જ હતું. જેમાં જીવંતતા નહોતી, પ્રેમ કે લાગણી વરસાવવા માટે કે વાતો કરીને હૈયાને હળવું કરવા માટે કોઈ મારું પોતાનું સ્વજન નહોતું. બસ રાત્રે સુવા માટે આવવાનું અને સવારે નાહી ધોઈને કામે નીકળી જવાનું એવી ઓરડીને ઘર તો ના જ કહેવાય ને?

સમય જતા મારા એ એક રૂમના મકાનમાં પત્ની આવી જાણે મૂંગી અને સુની દીવાલોમાં પ્રાણ પુરાયો. સ્નેહભરી વાતો અને સુખ દુઃખના અહેસાસોના અનુભવોથી એ ઓરડી હવે ઘર બનતી જતી હતી. સાંજે ઘરે આવીને પત્ની સાથે મીઠી પળો માણવાની તલાવેલી લાગવા લાગી. આમ પરસ્પરના સ્નેહના સથવારે સમય જતા બે સુંદર સંતાનોની કીકીયારીથી ઘર જાણે રૂમઝૂમ રણજણવા લાગ્યું. સાચે જ એક ઇંટ ,માટી ,સિમેન્ટથી બનેલી ઓરડીને મારા મધમધતા પરિવારે એક આદર્શ ઘર બનાવી દીધું એની અનહદ ખુશી થઈ હતી મને.

અરે! પણ હું તો સંબંધોના જોડાણને ચીર કાળ માટે જોડી રાખવા સદાય તત્પર રહેતો. માતા-પિતાની છત્રછાયા ગુમાવી એ ખોટ સતત હૈયામાં ખૂંચતી રહેતી હતી અને મેં નક્કી કર્યું કે જીવનમાં દરેક સાથે સંબંધોનો એક એવો નાતો જોડેલો રાખવો કે ક્યારેય પરિવારમાં સ્વજનોની ખોટ ના લાગે. કેમકે પરિવારમાં પરસ્પરના સ્નેહ સંબંધની અતિ આવશ્યકતા હોય છે. પરિવારજનો ભેગા મળીને બેસે ,એકબીજાની કદર કરે અને સ્નેહીથી સંબંધ નિભાવે તો જ એને ઘર કહેવાય. જે પ્રેમ ,સત્કાર ,શિક્ષણ અને સંસ્કાર પોતાના ઘર કે પરિવારમાંથી મળે છે એ બીજે ક્યાંયથી નથી મળી શકતો. એટલે જ લગ્નજીવનમાં પરિવારને ટકાવી રાખવા માટે સંબંધોને વિકસાવીને નિભાવી જાણવા એ જ આપણા જીવનની સૌથી મોટી મૂડી છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવનમાં કોઈનો સાથ ઈચ્છે છે કે જે તેનો સાથ નિભાવે જરૂર પડે ત્યારે તેને મદદરૂપ થાય અને નિસ્વાર્થ ભાવે સંબંધોને જાળવી જાણે આવા સંબંધો કોણ નિભાવી શકે ? જે પોતાના હોય તે જ ને ! જો આપણે આવા સ્વજનોને પ્રેમ આપીશું તો બદલામાં પણ સંબંધ સ્વરૂપે પ્રેમ જ મળશે, પણ પ્રેમના બદલે જો નફરત કરીશું તો જીવતર ઝેર જેવું બની જશે.

આપણે ઉચ્ચ કોટી ની વિદ્યા મેળવી મોટા મોટા ગ્રંથો વાંચ્યા હોય ઊંચી નોકરી કરીને ખૂબ પૈસો કમાઈને ધનવાન બની ગયા હોઈએ પણ જો સંબંધોમાં રસપ્રદ પ્રેમનો કે

લાગણીનો સંબંધ નહીં બાંધીએ તો એ ભણતર શું કામનું? જે લોકોમાં વેર નફરત અને ઈર્ષા ભરેલી છે, તેને પોતાના ઘર કે પરિવારમાં સાચી શાંતિ મળતી નથી. તેથી સંકુચિત ભાવના છોડીશું તો જ સંસારમાં સુંદર વાતાવરણ બની શકશે.

ઘર, પરિવાર ,આડોશ ,પાડોશ, શેરી, ગામ કે શહેર હોય માનવ માત્ર સુધી પ્રેમનો સંદેશ પહોંચાડીશું. અહંકાર અને સ્વાર્થ ને છોડી દઈશું તો જ પરિવાર ,ઘરને ખુશહાલ રાખી શકીશું. આપણે જે કંઈ બોલીએ તે સમજી વિચારીને બોલીએ. ક્રોધમાં આપણે ઘણીવાર કડવા વચનો બોલીને બીજાને દુઃખ પહોંચાડીએ છીએ. એમ કરવાથી ક્યાંક આપણે જ પોતાને દુઃખી કરીએ છીએ.

જેથી આપણે પોતાનામાં સુધારો લાવવાની જ જરૂર હોય છે. આપણા સંપર્કમાં આવનાર તમામ લોકો આનંદિત થઈને આપણાથી દૂર ભાગવાને બદલે આપણી નજીક આવે એવો પ્રયત્ન સદાય કરતા રહેવો જોઈએ. આજે આપણે બીજા સાથે જેવો વ્યવહાર કરીશું એવો કાલે આપણી સાથે પણ થઈ શકે છે એ ભૂલવું ના જોઈએ ! માટે મનની સંકુચિતતાનો ત્યાગ કરીને બીજાને મદદરૂપ થવાની શરૂઆત કરીશું તો ઈશ્વર પણ આપણી સાથે છે એવો અહેસાસ જરૂર થશે.

સુખની તરફ આપણું પહેલું ડગલું પોતાના ઘરથી શરૂ કરવું જોઈએ. ઘરનું વાતાવરણ શુદ્ધ હશે તો અંદરો અંદર પ્રેમ વધશે. પરિવારમાં એકબીજાનું ધ્યાન રાખવાથી અને એકબીજાને ખુશી પ્રદાન કરવાથી "મકાન"માંથી "ઘર"બને છે. ત્યારબાદ ઘર એક મંદિર બની જાય છે. જો ઘરનું વાતાવરણ સારું હોય તો પ્રત્યેક કામમાં મન લાગે છે. સંબંધોમાં ઉત્સાહ વધે છે, પણ જો ઘરમાં ક્લેસ કંકાસ થતો હોય તો ઘર અધોગતિને પંથે જાય છે. ઘર પરિવાર વેરણ છેરણ થઈ જાય છે. સંબંધોને જાણે ગ્રહણ લાગી જાય છે. માટે જ અંદરો અંદરના કલેશ કંકાસને દૂર કરી અંદરો અંદર પ્રેમ વધારીને જીવવું જોઈએ. તો જ ઘર પરિવારમાં સુખ શાંતિ લાવી શકાય છે.

જે લોકો સંબંધો નિભાવવાનું જાણે છે, સંબંધોની કદર કરવાનું જાણે છે, તે ક્યારેય એકલતાનો અનુભવ કરતા નથી. સંબંધો તેની સાથે જ ચાલે છે. એટલે તમામની સાથે પ્રેમ કરતા રહીએ, કોઈનું દિલ ના દુભાવીએ. સંબંધો તોડવાનું નહીં પણ જોડવાનું કામ કરીશું તો લગ્નજીવન અને ઘર પરિવાર પણ સદાય જોડાયેલો જ રહેશે.

આવો , આપણે ઘરના તેમજ સંબંધોના તમામ સદસ્યોને પ્રેમ કરીએ. કારણકે પ્રેમથી જ ઘર સ્વર્ગ બને છે. બસ આ જ છે લગ્નજીવન અને એના ઘર પરિવારની ખુશીનું રહસ્ય.

સંચાલક : પ્રદીપ રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**

વિષય- ઘર પરીવાર અને લગ્નજીવન .

પ્રકાર - પદ્ય મૌલિક

શીર્ષક - મારું ખોરડું.

તા - ૨૩/૧/૨૦૨૩.

.....................................

ઘર હતું મારુંને ઘણી અવરજવર,<br>
ને દોડધામ ઘણી...!<br>
ધીરે ધીરે બધાં અદ્રશ્ય થતાં ગયાં..!<br>
દિવાલોમાં બચપણની યાદો રહી ગઈ..!<br>
ઘરનાં ખૂણે ખૂણે પ્રેમ વરસતો બધાનો..!<br>
સ્વર્ગ હોય દુનિયામાં ને મારું ખોરડું..!<br>
પવનની પાતળી ક્ષણ સિંચીને પ્રેમથી બનાવ્યું હતું એ ઘર...!<br>
ભૂલા પડેલાં શ્વાસ ઘર તરફ જ પાછા વળે છે..!<br>
વર્ષોની ઉદાસીનતા ઘર તરફ જ ખેંચે છે..!<br>
દિવાલોના રંગ મને પોકારે આવને...!<br>
વિશાળ ધરા મારું આંગણું મારો જીવ છે..!<br>
ઘટાદાર ઘેઘૂર વૃક્ષ વિશ્વરૂપ જેવું લાગે...!<br>
તારાં સોગંદ પ્રભુ<br>
આ ઘર એક વૈકુંઠ છે મારાં માટે..!<br>
ભીનાં ચમનને મ્હેકે શ્વાસોમાં ને ઘરમાં..!<br>
છમ છમ ઝાંઝર વાગે મધુરાં ઘરમાં..!<br>
હૈયાનાં દેશમાં તોરણો બંધાયાં..!<br>
એક અનોખી દુનિયા વસાવી..!<br>
મારું ખોરડાં ને સ્વર્ગ જેવું બનાવ્યું ..!

રાગીની શુક્લ "રાગ"

મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS..NO.73.**

વિષય. ઘર પરિવાર

શીર્ષક.પરિવાર

પ્રકાર..ગદ્ય.

પરિવાર....શબ્દમાંજ જાણે વજન હોય એવું લાગે આનો અર્થ પણ એનેજ સમજાય જે પરિવાર સાથે રહેવા માગતું હોય કે રહેતું હોય પરિવાર માં વડીલોય હોય નાના હોય ને મોટાય હોય દેરાણી જેઠાની નણંદ સાસુ માસી માસા કાકા કાકી દરેક સંબધ હોય એ બધા સાથે પોતાનો આત્મીયતાનો સંબધ બાંધી રાખવો બહુ મોટી વાત કહેવાય એમા ઘણી વાર સાંભળવાનું થાય બોલવાનું થાય

પણ પરિવારમાં એકતા બની રહે માટે જતું કરીને જે જીવી જાણે એજ સાચું પરિવારને એક તારથી બાંધી રાખે એ પરિવારના મોભી કહેવાય,એમનું કહેલું બધા સાંભળે બધા માને કારણકે એમણે બધું જતું કર્યું છે,એ બધાએ જોયું છે,પરિવારમાં નાના સચવાય મોટા સચવાય વડીલોની કાળજી લેવાય આ બધું પરિવાર હોય ત્યાં થાય અમે બે અમારા બે માં ના થાય એના માટે તો બહુ મોટી હિંમત જોઈએ ભેગા રહેવાની એકબીજાને સમજવાની અને ક્યારેક કોઈક વાતમાં મત ભેદ થાય પણ મન ભેદ ના થાય એ જોવાની સમજણ હોય તોજ પરિવારમાં સુખ અને શાંતિ બની રહે છે, જે ઘરમાં બધા વ્યક્તિઓ એકબીજા માટે લાગણી પ્રેમ અને હુંફથી બંધાયેલા હોય છે,ત્યાં ઈશ્વરને પણ રહેવાનું ગમે છે,એટલેજ જ્યાં પ્રસન્નતા હકી ત્યાં ઈશ્વરનો વાસ હોય છે,પ્રસન્નતા તો પરિવારથીજ આવે.

એક બીજાના સાથથી આવેને સાથે રહેવું એટલે પરિવાર..

નયના પટેલ..નૈન.



સુભાષચંદ્ર બોઝ ની ૧૨૬ મી જન્મ જયંતી નિમિત્તે આજે ધાનેરા શહેર અને તાલુકા યુવામોરચા દ્વારા રકતદાન શિબિર નું આયોજન કરેલ તેમાં ભગવાનભાઈ પટેલ સાહેબ ધાનેરા શહેરના પ્રમુખશ્રી પુનમાજી સુથાર અને યુવા મોરચા ના પ્રમુખ અને મહામંત્રી તેમજ તેમના હોદ્દેદારો અને સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.સુભાષચન્દ્ર બોઝ (જન્મ : ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ - અવસાન : ૧૮ ઑગસ્ટ, ૧૯૪૫) જે નેતાજીના હુલામણા નામથી પણ જાણીતા છે, તે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, અંગ્રેજોની વિરુદ્ધ લડવા માટે તેમણે જાપાનની સહાયતાથી આઝાદ હિન્દ ફોજનું નેતૃત્વ કર્યું હતું. તેમના દ્વારા આપવામાં આવેલ ×જય હિન્દ×નું સુત્ર ભારતનું રાષ્ટ્રીય સુત્ર બની ગયું છે.સુભાષચંદ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ ઓડિશાના કટક શહેરમાં થયો હતો.

# ભારતનું સૌથી મોટું સ્મારક અને મ્યુઝિયમ સ્મૃતિવનઃ ૪ મહિનાના ગાળામાં ૨ લાખ ૮૦ હજારથી વધુ મુલાકાતી પહોંચ્યાં

**વર્ષ ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં જીવ ગુમાવનારાઓની સ્મૃતિમાં આ વિશેષ વનનું નિર્માણ કરાયું છે**

**દેશ-વિદેશના મુલાકાતીઓ કચ્છની ખુમારીથી અભિભૂત થયાં, સ્થાનિકો માટે હવે આ સ્થળ કલ્ચરલ હબ બની રહ્યું છે**

**રિયલટાઈમ ભૂકંપનો અનુભવ કરાવવા માટે મ્યૂઝિયમમાં ખાસ થિયેટર**

૨૪ જાન્યુઆરી, ગાંધીનગરઃ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કચ્છના ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કર્યું હતું. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ત્રાટકેલા ગોઝારા ભૂકંપે કચ્છને ઘમરોળી નાખ્યું હતું અને તેમાં ભોગ બનેલા નાગરિકોના સન્માનમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં જાન્યુઆરી ૨૦ સુધી માત્ર ચાર મહિનાના ગાળામાં જ ૨ લાખ ૮૦ હજાર લોકોએ સ્મારકની મુલાકાત લીધી છે જ્યારે ૧ લાખ ૧૦ હજારથી વધુ લોકોએ મ્યુઝિયમની મુલાકાત લીધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં વિકાસલક્ષી વિવિધ પ્રોજેક્ટ પર કામગીરી થઇ રહી છે, જેના લીધે છેવાડાના માનવી સુધી ખુશહાલી પહોંચી છે.

**ફીટનેસ, યોગ ક્લાસ, ઓપન માઈક અને સંગીતના કાર્યક્રમો**

ભુજ તેમજ રાજ્યના નાગરિકો એકસાથે આવી શકે તે હેતુથી અહીં યોગ ક્લાસ અને વર્કશોપ, ઓપન માઈક, સ્કેટિંગ કાર્યક્રમો, ઝુમ્બા ગેટટુગેધર, વોટિંગ માટેની જાગૃતિના કાર્યક્રમ, સંગીતના કાર્યક્રમ અને ૨૧,૦૦૦ દીવાઓથી દિવંગતોની શાંતિ માટેના કાર્યક્રમ યોજાય છે. તેના લીધે સ્મૃતિવન એક સાંસ્કૃતિક કેન્દ્ર પણ બન્યું છે જેમાં ભુજ સહિત આસપાસના વિસ્તારોમાંથી લોકો આવી રહ્યાં છે.

**જાણીતી હસ્તીઓ મ્યુઝિયમથી અભિભૂત થઈ**

ખ્યાતનામ દિગ્ગજોએ ભુજિયા ડુંગર પર નિર્માણ કરાયેલા આ મ્યુઝિયમની પ્રશંસા કરી છે. તેમાં જાણીતા રાજનેતાઓ, સશસ્ત્ર દળના અધિકારીઓ, સફળ સીઈઓ, ક્રિકેટર્સ, અભિનેતાઓ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી, આરબીઆઇના ગવર્નર અને અન્ય મહાનુભાવોનો સમાવેશ થાય છે.

**મુલાકાતીના પ્રતિભાવ**

“હું મારા દેશવાસીઓને ખૂબ નમ્રતા સાથે કહેવા માંગુ છું કે આપણું સ્મૃતિવન વિશ્વના અમુક શ્રેષ્ઠ સ્મારકો અને સંગ્રહાલયોની સરખામણીમાં એક ડગલું પણ પાછળ નથી. હું કચ્છના લોકોને વિનંતી કરવા માંગુ છું કે તમારા ઘરે જ્યારે કોઈ મહેમાન આવે, તો કૃપા કરીને સ્મૃતિવનની મુલાકાત લીધા વિના તેમને જવા ન દેશો. હું કચ્છના શિક્ષણ વિભાગને પણ વિનંતી કરવા માંગુ છું કે



જ્યારે પણ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે ત્યારે શાળાના બાળકોને અહીં લાવવામાં આવે.”

-શ્રી નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

“૨૦૦૧ના ધરતીકંપનો સાર જેટલી સારી રીતે અહીં ગ્રહણ કરવામાં આવ્યો છે, તે એક નમ્ર અનુભવ છે. તે આપણને પ્રકૃતિનો આદર કરવાનું શીખવે છે અને સાથે એ પણ શીખવે છે કે પ્રકૃતિ આપણા જીવનમાં કેટલો મહત્વનો ભાગ ભજવે છે. જે જીવ આપણે ગુમાવ્યા છે, તે ખૂબ જ દુઃખની ક્ષણ હતી. ભૂકંપથી પ્રભાવિત થયેલા લોકોના પુનર્વસન માટે અથાક મહેનત કરનારી ટીમને હું અભિનંદન આપું છું. સ્મૃતિવનના નિર્માણમાં સંકળાયેલી ટીમની પણ હું પ્રશંસા કરવા માંગુ છું, અને અસરગ્રસ્ત લોકોની સ્મૃતિને જાળવી રાખવા અને ભવિષ્યની પેઢીને આપત્તિની તૈયારીના મહત્વ વિશે શિક્ષિત કરવા માટેના સંગ્રહાલયના પ્રયાસોને બિરદાવું છું.”

-શ્રી શક્તિકાંત દાસ, ગવર્નર, ભારતીય રિઝર્વ બેંક

‘મ્યુઝિયમના દરેક નાના ખૂણામાં એક વાર્તા છે જેનો દરેક વ્યક્તિએ ઓછામાં ઓછો એકવાર અનુભવ કરવો જોઈએ. અવશ્ય મુલાકાત લેવી જોઈએ.’

-શુભમ, ચેન્નઈથી આવેલ મુલાકાતી

“તે એક સુંદર અનુભવ હતો. આટલી સુંદર ઈમારત, અને તેની અંદર જે છે તે તેનાથી પણ વધુ સુંદર છે. કચ્છના લોકોની ખુમારી સુંદર રીતે દર્શાવવામાં આવી છે, અને તે ખૂબ સન્માનનીય છે. તમને તે ચોક્કસ ગમશે.”

-રશેલ, સ્પેનથી આવેલ મુલાકાતી

**૪૭૦ એકર વિસ્તારમાં સ્મૃતિવન પ્રોજેક્ટ**

ભુજના ભુજિયો ડુંગર પર ૪૭૦ એકર વિસ્તારમાં પ્રોજેક્ટ નિર્માણ પામ્યો છે. અહીં વિશ્વનું સૌથી વિશાળ મિયાવાકી જંગલ છે જેમાં ૩ લાખ વૃક્ષો છે. તે સિવાય ૫૦ ચેકડેમ છે, જેમાં શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી અહીં ચેકડેમની દીવાલો પર મુકવામાં આવી છે. તે સિવાય સન પોઈન્ટ, ૮ કિમી લંબાઇના ઓવરઓલ પાથવે, ૧.૨ કિમી આંતરિક રોડ, ૧ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ૩ હજાર મુલાકાતીઓ માટે પાર્કિંગ, ૩૦૦ વર્ષ જૂના કિલ્લાનું નવીનીકરણ, ૩ લાખ વૃક્ષોનું વાવેતર, સમગ્ર વિસ્તારમાં ઈલેક્ટ્રિક લાઇટિંગ અને ૧૧૫૦૦ ચોરસ મીટરમાં ભૂકંપને સમર્પિત મ્યૂઝિયમનો સમાવેશ થાય છે.

**ભૂકંપનો અનુભવ કરવા માટે વિશેષ થિયેટર**

૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી એક વિશેષ પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. ૩૬૦ ડિગ્રી પર પ્રોજેક્શનની મદદથી ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરી શકાય છે. મ્યૂઝિયમમાં કુલ આઠ બ્લોક છે જેમને પુનઃ સંરચના, પુનઃપરિચય, પુનઃપ્રત્યાવર્તન, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃઆવૃતિ અને પુનઃસ્મરણ નામ આપવામાં આવ્યું છે.

અહીં ઐતિહાસિક હરપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કળા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રિયલટાઇમ આપાતકાલીન સ્થિતિ અંગે કન્ટ્રોલ રૂમ દ્વારા સમજૂતી તેમજ ભૂકંપ બાદના ભુજની સાફલ્યગાથાઓ અને રાજ્યની વિકાસયાત્રા વર્કશોપ અને પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવી છે.

# સુરેન્દ્રનગર ખાતે ગુજરાત પ્રદેશ કારોબારીની બેઠક પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સહિત કેન્દ્રીય નેતાગણની ઉપસ્થિતિમાં શરૂ થઇ




સુરેન્દ્રનગર,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત પ્રદેશ ની કારોબારી બેઠક આજે યોજાઇ હતી. સુરેન્દ્રનગરની ધીંગી ધરા પર પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં અને રાજયના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ સંગઠન મહામંત્રીશ્રી રત્નકારજી અને કેન્દ્રીયમંત્રીશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. બેઠકમાં માંડવીના ધારાસભ્યશ્રી અનિરુદ્ધ દવે ધન્યવાદ પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

શ્રી પાટીલ સાહેબે ઉદ્ઘાટન સત્રમાં જણાવ્યું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસીક બેઠક મેળવવામાં મહત્વનો શ્રેય જો કોઇને જાય તો તે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે આજે પણ જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર વિશ્વાસ છે જેના કારણે ભાજપને ફરી રેકોર્ડ બ્રેક બેઠક આપી ગુજરાતને વિકાશશીલ બનાવવાની જવાબદારી ભારતીય જનતા પાર્ટીને આપી છે. આ વખતની ચૂંટણીમાં ૯ બેઠક એવી હતી કે આઝાદી પછી ભાજપ કયારેય જીતી શક્યુ ન હતુ તે આ વખતે જીતવામાં સફળતા મળી છે. વિધાનસભા ચૂંટણીમાં કાર્પેટ બોમ્બિંગ થકી પ્રથમ તબક્કામાં ૮૯ અને બીજા તબક્કાની ૯૩ બેઠકો પર કાર્પેટ બોમ્બિંગ થકી જાહેરસભામાં કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની માહિતી આપી અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર એ ચૂંટણી લક્ષી નહી પરતુ જનતાની સેવા કરવા હમેંશા તત્પર રહેતો હોય છે આ જીતના શ્રેય માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, શ્રી અમિતભાઇ શાહ સાહેબ, કાર્યકરો અને મતદારશ્રીઓનો આભાર વ્યકત કરુ છું. દેશના ગૃહમંત્રીશ્રીએ ચૂંટણીમાં સતત માર્ગદર્શન આપ્યુ અને વિધાનસભા ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારની પસંગદી કરી તેના કારણે જીતવામાં સફળતા મળી છે. ચૂંટણીમાં ભવ્ય જીત મળી છે તેમાં મારુ કોઇ યોગદાન નથી પણ કાર્યકરોની સખત મહેનતનું પરિણામ છે. વિધાનસભાનું મતદાન પુરુ થયા પછી મીડિયા અને વિવિધ સર્વેનું અનુમાન હતું કે ભાજપને ૧૧૦ થી ૧૩૫ બેઠકો મળશે પરંતુ મને વિશ્વાસ હતો કે આ જીત ઐતિહાસિક હશે અને ૧૫૭થી વધુ બેઠકો પર જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને આંકડો મે મારા કાર્યકરોની મહેનતને કારણે નક્કી કર્યો હતો.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, કોરોના કાળમાં કોઇ પાર્ટીનો કાર્યકર બહાર નોહતો નીકળ્યો ત્યારે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર જનતાની વચ્ચે જઇ તેમની સેવા કરી હતી અને ગુજરાતમાં અલગ-અલગ જગ્યાએ આશરે ૧૭ હજાર જેટલા આઇસોલેશ બેડ લગાવ્યા હતા,દર્દીઓ અને તેમના સગા માટે રસોઇની વ્યવસ્થા કરવી, દવા અને રસી માટે વ્યવસ્થા કરી તેમજ કેન્દ્ર સરકારની કુપોષણ યોજના ધ્યાને રાખી ભાજપના કાર્યકરે ગુજરાતને કુપોષિત બાળકોને સુપોષિત કરવા મદદ કરવા આગળ આવ્યા જનતા એ જાણે છે કે ભાજપ સિવાય અન્ય કોઇ રાજકીય પાર્ટીનો કાર્યકર સેવા કરવા આવતા નથી તે ફકત ચૂંટણી સમયે મત માંગવા આવે છે અને ગેરેંટી કાર્ડ આપવાની વાતો કરે છે પણ ભાજપનો કાર્યકર જનતાના સુખે-દુખમાં મદદે આવે છે. મોરબીની ગોઝારી ઘટનામાં પણ દેશના પ્રધાનસેવકે તાત્કાલીક મદદ મળે તે માટે ત્રણેય પાંખના વડાઓને સુચના આપી જવાનોને મદદ માટે મોકલ્યા તો મોરબીના ધારાસભ્ય અને મુખ્યમંત્રીશ્રીએ બનતી મદદ કરી અને તેના કારણે મોરબીની બેઠક પણ વધુ મતોથી જીતી શક્યા. ભારતી જનતા પાર્ટી સેવા સાથે રાજકારણ કરે છે.

શ્રી પાટીલ સાહેબે પેજ કમિટી અને બુથ કમિટિમાં શું તફાવત છે તેની વિગતવાર માહિતી આપી માર્ગદર્શન આપ્યુ હતું. ચૂંટણીમાં કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ જન જન સુધી પહોંચાડવામાં મદદ કરી જેમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી ગામે ગામે ખૂણે ખૂણે યોજના કાર્યકરો પહોંચાડી શકવાનો પ્રયાસ કરે છે. સરકારી યોજનાનો લાભ જો જનતાને મળે તેના માટે કાર્યકર તત્પર રહે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજયના મુખ્યમંત્રી સમયે વિકાસના કાર્ય થકી આજે ગુજરાતને નવી ઉંચાઇ પર લઇ જવામાં મદદ મળી છે. ગુજરાતમાં જનતા વિકાસને ધ્યાને રાખી મત આપે છે તેના કારણે રાજયમાં કયારેય ત્રીજી પાર્ટીને સ્વીકારતી નથી.ભાજપ સત્તા મેળવી જનતાની સેવા કરે છે તેનો જનતાને વિશ્વાસ છે. ભાજપ સત્તા મેળવી સેવા કરવાને કારણે ભાજપને એન્ટીઇકમ્બન્સી નડતી નથી. આપ પાર્ટી અને કોંગ્રેસના મત ભેગા કરો તો પણ ભાજપની લીડને પહોંચી શકે તેવા પરિણામ નથી. આપ પાર્ટીને કારણે ભાજપને ફાયદો થયો તેમ રાજકીય વિશલેષકો કહે છે પણ તે સાચુ નથી ભાજપના કાર્યકરોના દમ પપ જીતે છે. જે બેઠકો આ વિધાનસભામાં નબળી સરેસાઇથી જીત્યા છીએ તેના પર પણ આજે ચર્ચા કરવામાં આવશે.

પ્રદેશના મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડાજીએ મીડિયાને બેઠક અંગે માહિતી આપતા જણાવ્યું કે, આજે ભાજપની કારોબારીનો બીજો દિવસ છે પહેલા સત્રમાં ઉદ્ઘાટન સંબોધન પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે કર્યુ. ૨૦૨૨ ગુજરાત વિધાનસભાની ભવ્ય જીતનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ તેમજ કાર્યકરોને આપ્યો છે. બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જીતના કારણો પણ જણાવ્યા. આગામી લોકસભાની ચૂંટણીમાં૨૬ બેઠકો જીતી ઐતિહાસીક જીત બનાવશે તેવો વિશ્વાસ અને માર્ગદર્શન મળ્યું છે.ચૂંટણીં વિધાનસભાની ચૂંટણીમાં કયા બુથમાં ઓછા મતો મળ્યા છે તેનું પણ સમિકક્ષા કરવામાં આવનાર છે.

બેઠક શરૂઆત પછી ધારાસભ્યશ્રી અનીરુદ્ધભાઇ દવેએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું કે, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર સૌ પ્રથમ વખત કારોબારી મળી છે આ ઝાલાવાડની ધિંગી ધરા પર કારોબારી મળી સૌ ઉપસ્થિત કાર્યકર્તાઓ અહીં હાજર રહ્યા છે એ કારોબારી ની અંદર આજે સવારે ધન્યવાદ પ્રસ્તાવ કરવામાં આવ્યું છે ભારતીય જનતા પાર્ટી ૧૫૬ સીટ સુધી જે પરિણામ લાવી એ પરિણામના ધન્યવાદ પ્રસ્તાવ આજે રજૂ કરવામાં આવ્યો છે. ધન્યવાદ પ્રસ્તાવની અંદર દેશના વડાપ્રધાન વૈશ્વિક પ્રતિભા સંપન્ન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના ગ્રહ મંત્રી અને પ્રથમ સહકારીતા મંત્રી આદરણીય અમિતભાઈ સાહેબ આ ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને અમારા સૌનું માર્ગદર્શન કરતા કે જેમણે પોતે ૧૮૨ સીટ જીતવા માટેના સંકલ્પ સાથે જે કામગીરી કરી અને પેજ સમિતિ વન-ડે ડિસ્ટ્રિક્ટ વગેરે જેવા કાર્યક્રમોના આધાર પર આ ૧૫૬ નું પરિણામ લાવ્યા એવા પ્રદેશ અધ્યક્ષ આદરણીય સી આર પાટીલ સાહેબ સાથે સાથે જનતા જનાર્દન અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા આ તમામનો સામૂહિક સ્વરૂપે આભાર દર્શન અને અભિવાદન આભાર પ્રસ્તાવ આજની આ પ્રદેશની કારોબારીમાં રજૂ કરવામાં આવ્યો.

શ્રી જગદીશભાઈ વિશ્વ્રકર્માએ કારોબારી બેઠકની માહિતી મીડિયાને આપતા જણાવ્યુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વપ્ન ×વન એ.પી.એમ.સી વન પ્રોડક્ટ×રાજયમાં અમલી બનશે.ગુજરાતના ૧૮ હજાર ગામમાં મંડળી નોંધણી થશે.કોમ્પ્યુટર ઓપરેટર મંડળી સોલાર પેનલ મંડળી ડ્રાઈવર મંડળી રસોઈ મંડળી રાજયમાં બનશે.આઝાદીના ૭૫ વર્ષ બાદ જે જવલંત વિજય વિધાનસભામાં મળ્યો તે બદલ તમામને અભિનંદન.સહકારીતા માળખું ખુબ જ અલગ માળખું છે.રાજયમાં કુલ ૨.૫૦ કરોડ સભાસદો છે.રાજયમાં કુલ ૩૭૩ જેટલી મોટી સહકારી સંસ્થાઓ આવેલી છે.આઝાદીના ૭૫ વર્ષ બાદ ૮૪% શેર ફાળો સહકારીતા વિભાગનો રહ્યો છે.દૈનિક ૧૫૦ કરોડ દુધમંડળીની બહેનોને ચુકવવામાં આવે છે.૮૦ હજાર જેટલા ખેડૂતો રાજયમાં આવેલ દૈનિક અવર જવર કરે છે.દેશની સૌથી મોટી હાઉસિંગ સોસાયટી અમદાવાદમાં આવેલ છે.શ્રી સી.આર.પાટીલ સાહેબ સહકારી ક્ષેત્રમાં મેન્ડેટ લાવ્યા જેનાથી આંતરીક વિવાદ ટળ્યા.૧૭૧ જેટલી સહકારી સંસ્થા પર શ્રી સી.આર પાટીલ સાહેબના નેતૃત્વમાં ભવ્ય વિજય મળેલ છે.માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબના નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશમાં સહકારીતા મંત્રાલયની સ્થાપના થઈ.આવનાર દીવસોમાં નેશનલ મલ્ટી કો.ઓપરેટીવ સોસાયટીની સ્થાપના થશે.ગુજરાતમાં ૩ લાખ ૭૨ હજાર મૃતક સભાસદો નાબુદ કરવામાં આવ્યા.રાજયમાં ૬૧૫૩ મંડળીઓ કાર્યરત નથી તેને પુન જીવિત કરવી અથવા રદ કરવાની કાર્યવાહી થશે.રાજયમાં સહકારીતા વિભાગમાં ખોટી ભરતી વેચાણમાં ગેરરીતિ અને વાહનોનો દુર ઉપયોગ જે સરકારની છાપ બગાડે છે તે હવે દુર થશે. સુરેન્દ્રનગર ખાતે પ્રદેશ કારોબારી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતતામાં શરૂ થઇ હતી. જેમા રાજયના ગૃહમંત્રી તેમજ રમતગમત મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ બેઠકમાં પ્રેઝન્ટેશન આપતા જણાવ્યું કે, વ્યાજ ખોરના ત્રાસ સામે ગુજરાત સરકાર ભાજપના કાર્યકરો સાથે મળી લડત લડશે. ભાજપનો કાર્યકર વ્યાજખોરની લડાઇમાં કેવી રીતે સાથ સહકાર આપી છે તે અંગે પણ માહિતી આપી. પોલીસે વ્યાજ ખોરોને લગતા ખોટા કેસ દાખલ ન થાય તે માટે પણ સુચના આપી. વ્યાજ ખોર સામે સ્થાનિક ધારાસભ્ય અને જીલ્લા પ્રમુખ લોકદરબાર યોજે તેવી વિનંતી કરી. બેટદ્વારકા માં ડીમોલેશન એ પણ ક્યાંક ને ક્યાંક આંતકવાદી પ્રવૃત્તિ ને ડામવાનું કામ હતું.રાજયમાં ડ્રગ નો વેપાર કરી ને યુવાનોનેઆ વ્યસનમાંથી મુક્તિ મળે તે માટે ડ્રગ્સ માફિયા વિરુદ્ધ કાર્યવાહી કરીને ધરપકડ કરી તે અંગે માહિતી આપી તેમજ યુનિફોર્મ સિવિલ કોર્ડ નું મહત્વ અંગે વિગત વારી આપી. કારોબારી બેઠકમાં શ્રી હર્ષભાઇ સંઘવીએ ગૃહખાતાને અત્યઆધુનિક બનાવવા માર્ગદર્શન અને સુચનો આપવા બદલ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો વિશેષ આભાર વ્યકત કરુ છું.

રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ બેઠકમાં આજે ગુજરાતની ચૂંટણીમાં ભવ્ય જીત પછી ફરી જનતાની સેવા કરવા અને રાજય અને કેન્દ્ર સરકારની યોજના છેવાડાના માનવી સુધી પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવશે ગુજરાત સરકારના ગૃહવિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં જે વિવિધ કામગીરી કરવામાં આવી તેનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું.ગુજરાત સરકારે વ્યાજના દુષણ સામેની લડાઇમાં ગુજરાત પોલીસે જે રીતે કામગીરી કરી છે જેમાં આશરે ૧૬૫૦ જેટલા લોકદરબાર થકી આશરે ૮૫૦ જેટલા વ્યાજના દુષણના કેસ દાખલ કરવામાં આવ્યા છે. લોકદરબારમાં અરજી કરવાની સાથે ગણતરીના કલાકોમાં કેસ દાખલ કર્યા પહેલા કેસના નિકાલ થયા છે તેવા આશિર્વાદરૂપી કામ કરવામાં આવ્યું છે.વ્યાજના દુષણને દુર કરવા સૌ નાગરિકો સાથ આપે તે માટે વિનંતી કરી અને ગુજરાતમાં જે લોકો કાયદો ફોલો કરશે તે જ લોકો ફાયદામાં રહેશે. ગુજરાત સરકારે ડ્રગ્સ સામેની મુહિમ ચલાવી જેમાં એક વર્ષમાં ૯ હજાર ૬ કરોડ રૂપિયાનો ડ્રગ્સ પકડયો છે તે બદલ ગુજરાત પોલીસના જવાનોને અભિનંદન બેઠકમાં પાઠવ્યા હતા. ડ્રગ્સના નેટવર્કને પકડવામાં ગુજરાત પોલીસે મહત્વની ભૂમિકા નિભાવી છે. કારોબારીમાં વ્યાજખોરોની લડાઇ અને ડ્રગ્સ પકડવાની મુહીમ બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારને અભિનંદન પાઠવ્યા છે.

શ્રી હર્ષભાઇ સંઘવીજીએ વધુમાં જણાવ્યું કે, ૨૦૦૨ પહેલા ગુજરાતના રમત વિરો કયાય રમવા જતા હતા ત્યા ખમણ ઠોકળાના નામે લોકો મજાક ઉડાવતા હતા. ગત વર્ષ ગુજરાતે નેશનલ ગેમ્સની યમજમાની કરી ,નેશનલ ઓલ્મપીક માટે બીજા રાજયોને બે થી પાંચ વર્ષનો સમય થતો હોય છે ત્યારે ગુજરાતે માત્ર ૧૦૦ દિવસમાં કામગીરી પુર્ણ કરી અન્ય રાજયોમાંથી આવતા ખીલાડીઓને શ્રી અને ફાઇવ સ્ટાર હોટલમાં ઉતારા આપ્યા હતા. રમત ગમત એ પણ દેશની શાનમાં વધારો કરનાર એક ઘટક છે જેના ધ્યાને રાખી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ઘણી યોજનાઓ કરી છે તે યોજનાને સાકાર કરવા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન અને સિધી દેખરેખ હેઠળ અત્ય આધિનિક સ્પોર્ટ સંકુલ આકાર લઇ રહ્યુ છે આજે ગુજરાતના ખિલાડીઓને પણ અનેક પ્રોત્સાહક યોજના સરકાર તરફથી આપવામાં આવી છે જેના કારણે ગુજરાતન ખિડાલીઓ દેશ વિદેશમાં નામના કરી મેળવી રહ્યા છે.

બેઠકમાં સહપ્રભારીશ્રી સુધીરભાઇ ગુપ્તાજીએ સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીત બદલ રાષ્ટ્રીય નેતાગણ, પ્રદેશના ને તા ગ ણ , મંત્રીમંડળ,સાંસદશ્રીઓ,ધારાસભ્યશ્રીઓ,પ્રદેશના સંગઠનના સભ્યશ્રીઓ, જીલ્લાના સહિતના કાર્યકરોને અભિનંદન પાઠવું છું. આપણુ કામ છે કે મતદારોને પક્ષ પ્રત્યે વિશ્વાસ અપાવવો અને સરકાર બનાવવી અને સરકાર બનાવી જે વચનો આપ્યા છે તેને પુર્ણ કરવા.ભારતીય જનતા પાર્ટીનો સફર બે સીટો થી શરૂ આજે ૩૦૦ થી વધુ સીટો પહોંચ્યો છે. ગુજરાતમાં ભાજપની સરકારે શિક્ષણ વ્યવસ્થા સુધારી છે સાથે બેટી બચાવ બેટી પઠાવનો નારો આપ્યો તેમજ આંગણવાડી અને મધ્યાહાન ભોજન ની યોજના લાવવામાં આવી. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યાર પછી દેશમાં આઇઆઇએમ અને આઇઆઇટી નો વ્યાપ વધારવામાં આવ્યો છે. આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે ખેડૂતોને સમૃદ્ધ બનાવવા કામ કર્યુ છે. ખેડૂતોની આવક વધે તે માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. કોંગ્રસની સરકારમાં જનતાના હિત માટે કોઇ કામ કરવામાં આવ્યા નથી બાળકો ભણે તે માટે કોઇ નક્કર પગલા લીધા ન હતા. રાજય સરકારે આયુષ્ય માન યોજનામાં દર્દીઓને સારવાર માટે પાંચ લાખની સુવિધામાં વધારો કરી દસ લાખ કરી દીધી તે બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને તેમની સરકારને અભિનંદન પાઠવું છું. રાજમાં કુપોષણ અભિયાન અંગે કામ શરૂ કરી બાળકો સુપોષણ બનાવવા કામ કરી રહી છે તે ખૂબ આનંદની વાત છે.

બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજીએ આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ ધ્વજવંદન કાર્યક્રમ જીલ્લા કક્ષાએ યોજવામા આવે તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમ તારીખ ૨૭ જાન્યુઆરીના રોજ યોજાનાર છે જેમા વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયાસ કરવામાં આવે તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ૨૭ જાન્યુઆરીના રોજ મન કી બાત કાર્યક્રમ વધુમાં વધુ લોકે નિહાળે તેવા પ્રયાસ કરવામાં આવે. આગામી સમયમાં કેન્દ્ર અને રાજય સરકારનું બજેટ રજૂ થનાર છે તેમાં જનતાના સુચનો લેવા પ્રયાસ કરવા આવે તેમ જણાવ્યું હતું. ગુજરાતની સરહદો જમીન દરીયાઈ અને પર્વતીય ક્ષેત્રે જોડાયેલ છે જેને લઈને સરહદી ગામડાઓમાં કેન્દ્રના માર્ગદર્શન મુજબ ટીમો બનાવી ઈતિહાસની ચર્ચા કરી તેમને દેશ સેવામાં સાથે જોડવા વિનંતી કરી તેમજ શક્તિ કેન્દ્રનું ઉત્સાહપૂર્વક કાર્ય પુર્ણ કરી કેન્દ્રના ‘બુથ શશક્તિકરણ‘ને માર્ચ સુધી પરીપૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યુ હતું.

બેઠકમાં રાજયના મ્રુદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીત થઇ છે તે બદલ દરેક દરેક કાર્યકરોને અભિનંદન પાઠવું છું.રાજકીય વિશ્ર્લેષકો અને અમુક લોકોને એવુ હતુ કે ૨૭ વર્ષની સરકારનું શાસન હવે મુશ્કેલ છે તેમ કહેનારને માનનીય વડાપ્રધાન મોદી સાહેબના દુરંદેશી નેતૃત્વએ રેકોર્ડ પરીણામ આપી તેમને ચોકાવી દીધા. આખા દેશના કાર્યકર્તાઓએ ગુજરાતને પરીવાર ગણી ગુજરાતની ચુંટણીમાં પ્રચાર કાર્ય કરી ઐતિહાસિક વિજય અપાવ્યો.આપણે ગુજરાતની પ્રજાએ કરેલા વિશ્ર્વાસનું ફળ વિકાસ થકી આપ્યું છે.ગુજરાતની વિધાનસભાનું પરિણામે માનનીય વડાપ્રધાન શ્રી ને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીનું પરીણામ આપી દીધું છે.ભારતમાં નોકરી વધી અને વિદેશમાં નોકરી ઘટી તે આત્મનિર્ભર ભારતનું પરીણામ છે.ગુજરાતે માનનીય વડાપ્રધાનશ્રી ના વિઝનને ખભેખભો મિલાવી રોડમેપ તૈયાર કર્યા છે.રાષ્ટ્રીય કારોબારીમાં સુચવેલ તમામ બાબતોને આપણે ગુજરાતમાં અમલ કરી લોકસભાની ચુંટણીમાં ઉત્સાહપૂર્વક કાર્ય કરવાનું છે

સુરેન્દ્રનગર ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતમાં કારોબારી બેઠક યોજાઇ હતી બેઠક બાદ પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઇ ચાવડા અને શ્રી રજનીભાઇ પટેલે પત્રકારશ્રીઓને સંબોધન કર્યુ હતું .શ્રી વિનોદભાઇ ચાવડાજીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, કારોબારી બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ સંગઠનમંત્રીશ્રી રત્નાકરજીનું માર્ગદર્શન મળ્યુ હતું. આગામી સમયમાં સંગઠનલક્ષી વિવિધ કાર્યક્રમો અંગે માહિતગાર કર્યા હતા તેમજ આગામી સમયમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમ યોજાનાર છે જેમાં સંગઠનના કાર્યકરો જોડાઇ સફળ બનાવવાનો પ્રયાસ કરવા સુચન આપવામાં આવ્યું છે તો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો મન કી બાત કાર્યક્રમમને ૧૦૦મો એપિસોડ એપ્રિલ મહિનામાં યોજનાર છે ત્યારે સૌથી વધુ લોકો સાંભળે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજય સરકારના બજેટ પુર્વ સંગઠનના માધ્યમથી સુચનો મેળવવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આગામી સમયમાં સ્વવલંબન કાર્યક્રમમાં દરેક કાર્યકર જોડાઇ આત્મનિર્ભર ભારતની નેમને મજબૂત કરવા આહવાહન કરવામાં આવ્યું છે. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં પ્રંચડ જીત મળે તે માટે નેતૃત્વગળ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું કે, પ્રદેશ કારોબારી પછી આવનાર સમયમાં પ્રત્યેક જિલ્લા અને મંડળ સ્તરે કાર્યક્રમો યોજાશે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસને વધુ મજબૂત કરવા પ્રતિબદ્ધતા જણાવી છે. બુથને વધુ મજબૂત કરવા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સુચન કર્યુ છું. આજની આ કારોબારી રાષ્ટ્રીય અને પ્રદેશના નેતૃત્વશ્રીઓનું માર્ગદર્શન મળ્યુ છે તે બદલ આભાર વ્યકત કર્યો.આ કારોબારી બેઠકમાં રાષ્ટ્રીય સહ કોષાધ્યક્ષ અને સાંસદશ્રી સુધિર ગુપ્તાજી, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ, રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્રીયમંત્રીશ્રીઓ, સંગઠનના પદાધિકારીશ્રીઓ ,પ્રદેશ કારોબારીના હોદેદારશ્રીઓ ,આમંત્રીત સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

# ધાનેરા બનાસકાઠા નગરપાલિકાનું વીજ જોડાણ કપાયું મળી નોટીસ !!




ધાનેરા ખાતે આવેલ ધાનેરા નગરપાલિકા દ્વારા વીજ કંપનીનું વીજ બિલ ન ભરતા પ્ષ્દૃષ્ઠ્ઠ ધાનેરા વીજ કંપની દ્વારા આજે ધાનેરા નગરપાલિકા કચેરી નું વીજ જોડાણ કપાયું હતું.

નગરપાલિકા નું વીજ જોડાણ કપાતા ધાનેરા પાલિકા કચેરીમાં અંધાર પટ છવાયો હતો વીજ પ્રવાહ બંધ થતા પાલિકામાં સંપૂર્ણ કામગીરી ઠપ થઈ ગઈ છે. ધાનેરા પાલિકા દ્વારા અંદાજે બે કરોડ ૬૦ લાખથી વધારે વીજ બિલ બાકી નીકળતા આખરે વીજ કંપની દ્વારા નોટિસ ઉપર નોટિસો આપ્યા બાદ આખરી ધાનેરા વીજ કંપનીના એન્જિનિયર દ્વારા આજે પાલિકાની મુખ્ય ઓફિસ નુ વીજ જોડાણ કાપવામાં આવ્યું હતું.

હાલ તો કોંગ્રેસ શાસિત પાલિકાનું વીજ જોડાણ કપાતા હાલતો વિરોધ પક્ષના સભ્યો ગેલમાં આવી ગયા છે જ્યારે યુજીવીસીએલ ધાનેરા કચેરીના કર્મચારીઓ જણાવ્યું હતું કે ધાનેરા પાલિકાનું બે કરોડ ૬૦ લાખથી પણ વધારે વીજબિલ બાકી હોય અને અમે તેઓને નોટિસ ઉપર નોટિસ અપાવવા છતાંય પાલિકા દ્વારા બિલ ના ભરતા આખરે અમે પાલિકા કચેરી નું વીજ જોડાણ કાપ્યું છે જો હજુ પણ ભીજબીલ ભરવામાં નહીં આવે તો પાણીના તમામ બોરોનું તેમજ શહેરની સ્ટ્રીટ લાઈટનું જોડાણ પણ કાપી નાખવામાં આવશે નિયમિત વેરો ભરતા રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે હાલ તો પાલિકા સત્તાધીશોના પાપે કચેરીનું તમામ કામકાજ ઠપ થઈ ગયું છે.

અને કર્મચારીઓને જ અંધારામાં રહેવાનો વારો આવ્યો છે છેલ્લા કેટલાય સમયથી બિલ બાકી હોય વીજ કંપની દ્વારા વીજ જોડાણ કાપવામાં આવ્યું છે આ અંગે નગરપાલિકાના કર્મચારીઓને આ અંગે પૂછતા તેઓએ જણાવ્યું કે હા ઘણા સમયથી વીજ કંપનીનું બિલ ચડતું આવ્યું છે અને ભરાયું નથી ત્યારે નગરપાલિકાના કર્મચારીઓ પોતે વસુલાત ના થઈ હોવાનું બહાનું આગળ કરી હાલ તો લૂલો બચાવ કરતા જોવા મળ્યા હતા ત્યારે અંદાજિત બે કરોડ ૬૦ લાખ થી વધુ વીજ બીલ બાકી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે નિયમિત વેરો ભરતા રહીશું ને હજુ કેટલું સહન કરવું પડશે એ તો આવનારા દિવસોમા જ ખબર પડશે ભરતા રહીશોમાં રોજ ફેલાયો છે અને વીજ કંપની દ્વારા કાપી નાખતા ચકચાર મચી છે પાલિકાના સત્તાધીશોના પાપે કચેરીનું તમામ કામકાજ ઠપ થઈ જતા અરજદારોને પણ ભારે હાલાકી નો સામનો કરવાનો વારો આવ્યો છે ધાનેરા પાલિકાના કચેરી નું કાલે વીજ જોડાણ કાપ્યા પછી આજે ધાનેરા વિદ્યુત બોર્ડ દ્વારા જો સાત દિવસમાં વીજ બિલ નહીં ભરવામાં આવે તો નગરની તમામ સ્ટ્રીટ લાઈટોનું વીજ જોડાણ કાપી નાખવાની આજે નોટિસ આપી છે.

# મિલકત વેરામાં વધારા બદલ પ્રબુદ્ધ નાગરિકો તરફથી હકારાત્મક પ્રતિભાવો મળ્યા

તારીખ- ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ દ્વારા ગત શનિવારે મિલકત વેરામાં વધારાનાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણય બદલ સ્થાયી સમિતિના ચેરમેનશ્રીને પ્રબુદ્ધ નાગરિકો તરફથી હકારાત્મક પ્રતિભાવો મળ્યા છે. નીચે મુજબના કારણોસર મિલકત વેરામાં વધારો કરવામાં આવ્યો છે.

૧) ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓમા રહેણાંક અને વાણીજય મિલકત વેરાના માળખામાં ગાંધીનગર મહાનગરપાલિકાના વેરાનું માળખુ સૌથી ઓછુ રૂ.૧૦/- પ્રતિ મીટર રહેણાંક અને રૂ.૨૦/- પ્રતિ મીટર વાણીજય છે.

૨) ગાંધીનગર મહાનગરપાલિકાની રચાના થયા (૨૦૧૧) પછી ક્યારેય મિલકત વેરાના માળખામાં વધારો કરવામાં આવેલ નથી.

૩) આદર્શ નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલીમાં મિલકત વેરાની આવકમાંથી સંસ્થાનો પગાર તેમજ વહીવટી ખર્ચ થવો જોઈએ

૪) વર્ષ ૨૦૨૧-૨૨માં ગાંધીનગર મહાનગરપાલિકાના બજેટનું કદ રૂ.૩૬૦.૯૫ કરોડ હતુ જેમા વધારો કરીને વર્ષ ૨૦૨૨-૨૩માં બજેટનું કદ રૂ.૫૪૦.૬૮ કરોડ થયુ તેમજ આવનાર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટનું કદ વધીને રૂ.૯૪૪ કરોડ જેટલુ થવા પામે છે.

૫) ગાંધીનગર મહાનગરપાલિકાની અંદર નવા ભળેલા ૧૮ ગામ અને ૧ પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં શહેરો જેવી તમામ આંતરમાળખાકીય સુવિધાઓ ઝડપથી પૂરી પાડવામાં આવે તો શહેર અને ગામ વચ્ચેનો ભેદ ઝડપથી મીટાવી શકાય તેવા શુભ આશયથી ગ્રામ્ય વિસ્તારમાં આંતરમાળખકીય સુવિધાના ૫૧૦ કરોડ રૂપિયાના વિકાસા કામો હાલ પ્રગતિમાં છે અને આવનાર વર્ષમાં અંદાજિત ૫૪૮ કરોડ રૂપિયાના વિકાસના કામો કરવામાં આવનાર છે.

૬) ગાંધીનગર મહાનગરપાલિકામાં પૂરી પાડવામાં આવતી સેવાઓ જેવી સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, પાણી, ગટર, રોડ-રસ્તા વગેરે જેવી સેવાઓમાં ક્રમશઃ સુધારો કરવામાં આવી રહ્યો છે.

૭) વર્ષ ૨૦૧૧ પછી અત્યાર સુધીમાં લોકોના જીવન ધોરણમાં મોટા પાયે સુધારો થયો છે અને નોંધપાત્ર રીતે તમામ ક્ષેત્રે ભાવોમાં અનેકગણો વધારો થયો છે.ઉપરોક્ત કારણોસર ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરામાં રહેણાંકમાં રૂ.૧૦ થી વધારીને રૂ.૧૫ તેમજ વાણીજયમાં રૂ.૨૦ થી વધારીને રૂ.૩૦ કરવામાં આવેલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.